Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ




પુ૦ ૩૦ મું.
માહ.
અંક ૭ મો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૫૯
આત્મ સં. ૩૭
વિ.સં. ૧૯૮૯

મૂલ્ય રૂા. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ પુરાતન પ્રભા. ... ... ... ...વિનયકાંત કાંતિલાલ મહેતા ૧૪૫
૨ શ્રી ભક્તામર સ્તોત્રનો ગુજરાતી...
કાવ્યાનુવાદ. ... ... ... ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ ... ૧૪૭
૩ શ્રી તીર્થંકરચરિત્ર. ... ... ... મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ. ૧૫૦
૪ અમારી પૂર્વદેશની યાત્રા. ... ...મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ૧૫૪
૫ દ્રવ્યગુણપર્યાય વિવરણ. ... ... અ ...શંકરલાલ ડાહ્યાભાઇ ૧૫૮
૬ સ્વદેશ ભાવના. ... ... ... ... ... ... ૧૬૧
૭ પૂજનની સફળતા. ... ... ...લે૦ ચોકસી. ... ... ૧૬૨
૮ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. ... વિઠ્ઠલદાસ મુ૦ શાહ ... ૧૬૪
૯ વર્ત્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૧૬૬
૧૦ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૧૬૮
૧૧ સુધારો! ... ... ... ... ... ... ... ૧૬૮



## કલકત્તાવાળાના વિવિધ રંગોથી મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. | નામ. | કીંમત |
|---|---|---|---|
| શ્રી નેમનાથસ્વામીના લગ્નનો વરઘોડો. | ૦-૧૨-૦ | શ્રી જીનદત્તસૂરિજી ( દાદા સાહેબ ) | ૦-૬-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ | ૭ લેશ્યા. | ૦-૬-૦ |
| | | મધુબિંદુ. | ૦-૬-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦-૮-૦ | શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦-૪-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ | ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ. | |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ | શ્રી મહાવીરસ્વામી. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ | સમ્મેત્તશિખર તીર્થ ચિત્રાવળી | |
| શ્રી રાજગિરિ સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | સોનેરી બાઇન્ડીંગ સાથે. | ૨-૮-૦ |
| શ્રી પાવાપુરીજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | જંબુદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | નવતત્ત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦-૨-૦ |

### નવાં તૈયાર થયેલ.

| | | | |
|---|---|---|---|
| શ્રી ગૌતમસ્વામી. | ૦-૮-૦ | શ્રી પાર્શ્વનાથ | ૦-૬-૦ |
| શ્રી પાવાપુરી જલમંદિર. | ૦-૮-૦ | શ્રી સમેત્તશિખરજી | ૦-૮-૦ |

લખો:—શ્રી જૈન આત્માનંદસભા—ભાવનગર.


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—" आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य " इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण-श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३० } वीर सं. २४६९. माह. आत्म सं. ३७. { अंक ७ मो.

## પુરાતન પ્રભા.

卐

સત્ય ધર્મ અહિંસા પ્રધાન,
જુગ જુગનાં જુના જૈનત્વમાં;
પ્રચંડ જેનો આતપ પૂર્ણ તેજે પ્રગટ્યો તે,
કુમારપાળના રાજ્ય ફરમાને—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદનબાળાના સુચરિત્રથી ઓપિત—
શ્રેણિક નરેશ સમ શાસનભક્ત સહ—
ક્ષમા પ્રધાન ગુણોથી યુક્ત,
ચોવીશ ચોવીશ પૂજ્ય તીર્થંકર નચિત—

શાને વ્યાપે છે અંધકાર?
ગઇ કયાં એ સુગુણગણની પ્રભા!
પુરાતન પ્રભાનું એ સૌરભ,
મહાગુજરાત પ્રાચીન સારૂંય—

સદા જેને ચરણે ઝુકાવતું શીષ
એ ગૌરવ આજે ગોપ્ય?
વર્દ્ધમાનના વીર કોઇ સંતાન!
શાસનરક્ષક ઓ દેવ! યક્ષ!......ઓ......!

એકજવાર પુન: પ્રગટાવો
વંદનીય વિશ્વને એ-વિમળ ચિત્તે—
એ તેજોમય પુરાતન પ્રભા,
પ્રભાનીય એ દીવ્ય જ્વાજલ્યમાન જ્યોત.

વિનયકાંત કાંતિલાલ મહેતા.
—: અમદાવાદ :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૐ ॥

# શ્રી માનતુંગાચાર્યપ્રણીત શ્રીભક્તામરસ્તોત્રનો

## ગુજરાતી કાવ્યાનુવાદ.

અનુવાદકર્તા—ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ. બી. બી. એસ.

( ગતાંક પૃષ્ટ ૧૨૫ થી શરૂ. )

—: શિખરણી :—

### ત્હારા જેવું બીજું રૂપ નથી.

ત્રણે લોકો કેરા ભૂષણરૂપ હે ! એક જ નકી,
રચાયો તું જેહી પ્રશમરસરંગી અણુ થકી;
ખરે ! તેની સંખ્યા પણ [1]મહી મહીં તેટલી જ છે,
અહો ! ત્હારા જેવું અપર રૂપ વિભુ ! નહિં જ છે. ૧૨

### ક્યાં ત્હારૂં મુખ ? ક્યાં ચંદ્રબિંબ ?

કિહાં વસ્ત્ર[2] ત્હારૂં સુર-નર-ફણી[3]નેત્રહર આ ?
જીતી લીધી જેણે ત્રણ જગતની સર્વ ઉપમા;
કલંકે આહા ! તે મલિન શશિનું બિંબજ કિહાં ?
બને છે પાંડુ[4] જે દિન મહિં પલાશો[5] જયમ ઇહાં. ૧૩

### ત્હારા ગુણોની લોક વ્યાપકતા.

પ્રભુ ! પૂર્ણિમાના શશિ તણી કળાના ગણ સમા,
ગુણો શુભ્ર[6] ત્હારા પ્રસરી જ રહે ત્રિભુવનમાં;
તું એક સ્વામીને ત્રિજગદીશ ! જે આશ્રિત થતા,
નિવારે તેને કયો [7]અભિરૂચિ પ્રમાણે *વિચરતાં ? ૧૪

---

૧. પૃથ્વી. ૨. મુખ. ૩. સર્પ, નાગેંદ્ર. ૪. ફીકકું, નિસ્તેજ.
૫. ખાખરાનું ઝાડ. ૬. ઉજ્જવલ. ૭. ઇચ્છા પ્રમાણે.

* જે ગુણોએ પ્રભુ જેવા સમર્થ સ્વામીનો આશ્રય કર્યો છે, તેને યથેચ્છપણે વિચરતાં-ત્રણે લોકમાં વ્યાપ્ત થતાં કોણ અટકાવે ? કોઇ નહિ. " ધિંગ ધણી માથે કિયો રે, કોણ ગંજે નર ખેટ......વિમલજિન ! "—શ્રીઆનંદઘનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રભુનું નિર્વિકારીપણું–

નવાઇ શું અત્રે ?–સુરરમણીથી જો જગતમાં,
ન દોરાયું ત્હારૂં મન જરીય વિકારપથમાં;
ચળાવે જે વાયુ અચળગણ[1] કલ્પાંત સમયે,
ચળ્યું તેથી મેરૂ ગિરિશિખર શું કોઇ સમયે ? * ૧૫

## અનન્ય ભુવનદીપ.

ન ધૂમો વાટો ના જરી પણ વળી તેલપૂર ના,
છતાં રેલાવે તું સકલ જગમાં તેજપૂર હા !
કદિ ના ઓલાયે અચળ ચળવે તેહ પવને,
અનેરો દિવો† તું જગપતિ ! પ્રકાશી ત્રિભુવને. ૧૬

## 'ચઢે રવિથી પ્રભુનો મહિમા'–

ગ્રસાયેના રાહુથકી કદી ન તું અસ્તજ થતો.
વળી એકી સાથે ત્રિજગ સહસા સ્પષ્ટ કરતો;
નથી નિરૂંધાયો નીરદ[2]થી મહા તુજ મહિમા,
મહિમા[3] મુનીંદ્રા ! રવિથી ચઢતો તુજ મહીમાં[4]; ૧૭

## અપૂર્વ મુખચંદ્ર–

મહા મોહાંધારૂં દલિત કરતું ઉદિત સદા,
છુપાયે ના રાહુવદનથી ન વારિદ[1]થી કદા;

---

૧. ચળે નહિ તે અચળ, પર્વત. ૨. મેઘ, વાદળા.
૩. માહાત્મ્ય, પ્રભાવ, ૪. પૃથ્વીમાં.

* કલ્પાંત કાળે જે પવન પર્વતોને પણ ચળાયમાન કરે છે તેથી કરીને શું કદી મેરૂગિરિનું શિખર ચળ્યું છે ? તેમ દેવાંગનાઓથી પણ જો ત્હારૂં મન જરા પણ વિકારમાર્ગે દોરાયું નથી તો તેમાં શું આશ્ચર્ય છે ?

† દીપકમાં તો ધૂમાડો હોય, વાટ હોય અને તેલ પણ પૂરેલું હોય, અને પવનથી તે ઓલાઇ પણ જાય; પરંતુ એમાંનું કશુંય ત્હારામાં નથી, છતાં તું ત્રણે ભુવનને પ્રકાશિત કરે છે ! તેથી હે પ્રભુ ! તું કોઇ જૂદાજ પ્રકારનો દીપક છે !!

૧. મેઘ, વાદળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરાજે છે એવું રમણીય મુખાંબુજ તુજ તે,
પ્રકાશંતો વિશ્વે શશધર[2] અપૂર્વ સ્વરૂપ++ એ! ૧૮

## સૂર્ય-ચંદ્રનું શું કામ છે?

શશિથી શું રાત્રે? દિનકર થકી શું દિનમહીં?
મુખેંદુથી ત્હારા તિમિર ટળી જાતાં જિન! અહીં;
મહીમાં પાકેલા વનગણ જિહાં શાલિભરથી,
અહો! ** કાર્ય ત્યાં શું જલભર-નમેલા જલદ[4]થી? ૧૯

## ક્યાં તું? ક્યાં હરિ હરાદિ?

તું'માં × ભાસે જેવું પ્રસરે[5] લઇને જ્ઞાન અતિશે,
ન ભાસે તેવું તે કદી હરિ[6]હર[7]ાદિ જન વિષે;
મહત્તા પામે છે જયમ મણિમહીં તેજ સ્ફુરતું,
કદી ના તેવું તે કિરણયુત કાચે ચમકતું. ૨૦

ગણું સારૂં દીઠા પ્રભુ! હરિહરાદિજ જગમાં,
દીઠા જેને ત્યારે હૃદય ધરતું તોષ તુજમાં;
તને દિઠાથી શું? જિન! ભૂમિમહીં જે થકી ખરે,
બીજા જન્મોમાંયે મન અપર કોઇ નજ હરે. ૨૧

(ચાલુ)

૨. ચંદ્ર. ૩. સૂર્ય. ૪. વાદળા, મેઘ.
૫. અવકાશ કરીને. ૬. વિષ્ણુ. ૭. શંકર.

++ ચંદ્ર અંધકારને દૂર કરે છે, પ્રભુનું મુખ મહા મોહ—અંધકારને દૂર કરે છે; ચંદ્ર રાત્રીએ ઉદય પામે છે, પ્રભુમુખ તો સદા ઉદય પામેલું છે; ચંદ્ર રાહુથી તેમજ વાદળાથી છુપાય છે, પરંતુ પ્રભુનું મુખ તેમ છુપાતું નથી. આમ પ્રભુનું મુખકમલ વિશ્વમાં પ્રકાશ કરતો કોઇ અપૂર્વ ચંદ્ર છે!

** જ્યારે ક્ષેત્રોમાં શાલિ પાકી ગયા હોય ત્યારે જલથી નમી પડેલા મેઘનું શું પ્રયોજન છે? તેમ પ્રભુના મુખચંદ્રથી અંધકાર ટળી ગયો છે, તો પછી દિવસે સૂર્યનું શું કામ છે? રાત્રીએ ચંદ્રનું શું કામ છે?

+ ત્હારામાં અવકાશ કરીને જ્ઞાન જેવું શોભે છે તેવું વિષ્ણુ-શંકર આદિમાં શોભતું નથી. ક્યાં મણિ? ક્યાં કાચ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિઆર અંગમાં નિરૂપણ કરેલ–
# શ્રીતીર્થંકરચરિત્ર.

## શ્રી જ્ઞાતાસૂત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૩૦ થી શરૂ )

ત્યારબાદ તે જિતશત્રુ, પરિવ્રાજિકાએ ઉત્પન્ન કરેલ પ્રેમવાળા દૂતને બોલાવે છે, બોલાવીને યાવત્....જવાને ઉપડે છે. ( સૂત્ર ૭૪ )

ત્યારે તે જિતશત્રુ વિગેરે છએ રાજાના દૂતો જ્યાં મિથિલા છે ત્યાં જવા પ્રયાણ કરે છે ત્યારબાદ છએ દૂતો જ્યાં મિથિલા નગરી ત્યાં આવે છે, આવીને મિથિલાના મોટા ઉદ્યાનમાં પોતપોતાના સૈન્યના તંબુઓ નાખે છે—ઉતારો કરે છે, ઉતારો કરીને મિથિલા રાજધાનીમાં પ્રવેશ કરે છે, પ્રવેશ કરીને જ્યાં કુંભરાજા ત્યાં જાય છે જઇને દરેકે દરેક હાથ જોડીને પોતપોતાના રાજાનાં વચનો જણાવે છે ત્યારબાદ તે કુંભરાજા તે દૂતોના આ કથનો સાંભળીને ક્રોધિત બની યાવત્......ત્રણ વળીવાળી ભ્રૂકુટી ચડાવીને આ પ્રમાણે કહે છે–હું વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા મલ્લીકુમારી તમોને આપવાનો નથી. એમ કહી એ છએ દૂતોને સત્કાર—સન્માન રહિત પણે પાછલા દરવાજેથી કાઢી મૂકે છે.

ત્યારપછી જિતશત્રુ વિગેરે છએ રાજાના દૂતો કુંભરાજાએ અસત્કારિત અસન્માનિત પાછલે દરવાજેથી કાઢી મૂકેલા થકા જ્યાં પોતપોતાના દેશ છે, જ્યાં પોતપોતાનાં નગરો છે, જ્યાં પોતપોતાના રાજાઓ છે ત્યાં આવે છે બે હાથ જોડીને આ પ્રમાણે બોલે છે—એ રીતે હે સ્વામી ! ખરેખર અમે જીતશત્રુ વિગેરે છએ રાજાના દૂતો એક સાથેજ જ્યાં મિથિલા, યાવત્........ અપદ્વારથી કઢાવી મૂકે છે. તો હે સ્વામી ! કુંભરાજા વિદેહની વરરાજકન્યા મલ્લીકુમારી આપવાનો નથી. પોતપોતાના રાજાને આ વીતક જણાવે છે.

ત્યારે તે જિતશત્રુ વિગેરે છ એ રાજાઓ તે દૂતો પાસેથી આ કથન સાંભળી અવધારી ક્રોધિત બનેલા એક બીજાને દૂત મોકલે છે, દૂત મોકલીને આ પ્રમાણે કહે છે—હે દેવાણુપ્રિયો ! ખરેખર એ રીતે આપણ છ એ રાજાના દૂતો એક સાથે જ, યાવત્....કઢાવી મૂક્યા. તો હે દેવાણુપ્રિયો ! ખરેખર આપણે કુંભરાજા સાથે યુદ્ધ કરવું તે શ્રેયસ્કર છે. આ પ્રમાણે કહીને એક બીજાના વિચારો જણાવે છે, જણાવીને સ્નાન કરી હાથઆરો ધરી હાથી પર બેસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોરંટદામ તથા માલાઓ પહેરી યાવત....સફેદ શ્રેષ્ઠ ચામરો વડે વીંજાતા મોટા ઘોડા હાથી રથ અને સમર્થ યોદ્ધાઓ સહિત ચાતુરંગીણી સેના સાથે વીંટાએલ સર્વ ઋદ્ધિથી યાવત્....અવાજવડે પોતપોતાના નગરોમાંથી યાવત્.... નીકળે છે. નીકળીને એક સાથે મળે છે મળીને જ્યાં મિથિલા છે ત્યાં જવા ઉપડે છે.

ત્યારબાદ કુંભરાજા આ હકીકત પામી જવાથી **સૈન્યચિંતકને** બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે–જલ્દીજ ઘોડા, યાવત સૈન્યને તૈયાર કરો. યાવત....આજ્ઞા પાછી આપે છે.

ત્યારબાદ કુંભરાજા નાહી તૈયાર થઈ હાથીપર ચડી કોરંઢ પુષ્પની માલા ધરી શ્વેત ચામરવડે વીંજાતો મોટા ઘોડા વિગેરેથી વીંટાએલ મિથિલાના મધ્યથી નીકળે છે. નીકળીને વિદેહ દેશની વચમાં થઇ જ્યાં દેશની સરહદ છે ત્યાં આવે છે. આવીને સૈન્યનો પડાવ નાખે છે, તેમ કરીને જિતશત્રુ વિગેરે છએ રાજાઓને પાછા વાળવા માટે યુદ્ધ સજ્જ થઇ રહે છે. ત્યારે તે જિતશત્રુ પ્રમુખ છએ રાજાઓ જ્યાં કુંભરાજા છે ત્યાં આવે છે, આવીને કુંભરાજા સાથે લડે છે. ત્યારે તે જિતશત્રુ વિગેરે છએ રાજાઓ કુંભરાજાના સૈન્યને હણે છે, વીંખેરે છે, મોટા યોદ્ધાઓને કાપે છે, ચિન્હ ધ્વજા પતાકાઓને તોડી નાખે છે. પ્રાણનું રક્ષણ પણ મુશ્કેલીથી થઇ શકે તેવી સ્થિતિ ઉભી કરે છે અને ચારે તરફથી પાછા હઠાવે છે. ત્યારબાદ તે કુંભરાજા જિતશત્રુ વિગેરે છએ રાજાઓ વડે હણાએલ વીંખરાએલ, યાવત્....પીછે હઠવાળો થયા થકો સામર્થ્યરહિત, બલરહિત, વીર્યરહિત યાવત્....શત્રુ સૈન્યને રોકી નહીં શકાય એમ ચીંતવી જલ્દી જલ્દી યાવત્....એકદમ જ્યાં મિથિલા છે ત્યાં આવે છે આવીને મિથિલામાં પ્રવેશ કરે છે. પેસીને દરવાજા બંધ કરે છે બંધ કરીને રક્ષણમાટે તૈયાર રહે છે.

ત્યારબાદ તે જિતશત્રુ વિગેરે છએ રાજાઓ જ્યાં મિથિલા છે ત્યાં આવે છે આવીને મિથિલા નગરીના જન સંચારને રોકે છે. દિશા જવા આવવાનું રોકે છે. (ઉચ્ચાર રહિત કરે છે) અને ચારે બાજુથી સર્વ રીતે **રૂંધીને** રહે છે.

ત્યારે તે કુંભરાજા મિથિલા રાજધાનીને ઘેરો ઘાલ્યો છે એમ જાણીને અંદરની કચેરીમાં સિંહાસન પર બેસીને તે જિતશત્રુ વિગેરે છ રાજાઓના છિદ્ર ભુલ કે મર્મને ન પામવાથી અનેક રસ્તા ઉપાય તથા ઔત્પાતિકાદિ ચાર બુદ્ધિવડે વિચાર કરવા છતાં કાંઇ પણ રસ્તો કે ઉપાય ન મળવાથી કુંઠિતમન વિચારવાળો બની યાવત્...ચિંતવે છે.

આ તરફ વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા **મલ્લીકુમારી** સ્નાન કરીને યાવત.... ઘણી વામન દાસીઓથી વીંટાએલી જ્યાં કુંભરાજા છે ત્યાં આવે છે, કુંભરાજાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચરણોને સ્પર્ષ કરે છે ત્યારે કુંભરાજા મલ્લીકુમારીને બોલાવતો નથી જોતો નથી, મૌન રહે છે ત્યારે મલ્લીકુમારી કુંભરાજાને આ પ્રમાણે કહે છે—
હે પિતાજી ! તમો પ્રત્યેક દિન મને આવતી જોઈને યાવત્....(ઉત્સંગમાં) બેસારો છો પણ આજે તમો કુંઠિત મનવાળા થઇ શું વિચારો છો ?

ત્યારે તે કુંભરાજા મલ્લીકુમારીને આ પ્રમાણે કહે છે—હે પુત્રી, તારા માટે જિતશત્રુ વિગેરે છ રાજાઓએ દૂત મોકલ્યા હતા, તેઓને મેં સત્કાર કર્યા વિના, યાવત્....કાઢી મૂકયા. ત્યાર બાદ તે જિતશત્રુ વિગેરે તે દૂતો દ્વારા આ કથન સાંભળીને ક્રોધિત થયા થકા મિથિલા રાજધાનીને સંચાર રહિત (બનાવી), યાવત્....રહે છે. તેથી હે પુત્રી, હું તે જિતશત્રુ પ્રમુખ છ રાજાઓના છિદ્રો નહીં પામવાથી યાવત વિચારૂં છું.

ત્યારબાદ તે વિદેહની રાજકન્યા મલ્લીકુમારી કુંભરાજાને આ પ્રમાણે કહે છે—હે પિતાજી ! તમો કુંઠિતમન સંકલ્પવાળા બનીને ચિંતા ન કરો. હે તાત ! તમો તે જિતશત્રુ વિગેરે છ એ રાજાઓ પાસે અલગ અલગ ખાનગી રીતે ગુપ્ત દૂતો મોકલો. અને પ્રત્યેકને આ પ્રમાણે જણાવો– "તને વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા મલ્લીકુમારી આપુ છું." એમ કહીને સંધ્યાકાળે મનુષ્યો વિખરાતા હોય ત્યારે મનુષ્યો ઘરમાં વિશ્રાંતિ લેતા હોય ત્યારે એકેકને મિથિલા રાજધાનીમાં પ્રવેશ કરાવો, પ્રવેશ કરાવીને ગર્ભઘરમાં લઇ જાઓ. મિથિલા રાજધાનીના દરવાજા બંધ કરો બંધ કરીને તૈયાર થઇ રહો.

ત્યારે કુંભરાજા એ રીતે સર્વ યાવત્....પ્રવેશ કરાવે છે અને તૈયાર રહે છે.

ત્યાર બાદ ત જિતશત્રુ વિગેરે છ એ રાજાઓ સવાર થતાં, યાવત્.... જાળીની વચમાં સ્વર્ણમય માથે છિદ્રવાળો પદ્મ ઉત્પલોથી ઢાંકેલી પ્રતિમાને જુએ છે. આ વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા મલ્લીકુમારી છે એમ ધારી મલ્લી-કુમારીના રૂપમાં યૌવનમાં તથા લાવણ્યમાં મોહિત લુબ્ધ યાવત્....અધ્યવસાય-વાળા અનિમેષ દૃષ્ટિએ જોઇ રહે છે.

ત્યારબાદ તે વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા મલ્લીકુમારી સ્નાનકરી યાવત્.... પ્રાયશ્ચિત લઇ સર્વ અલંકારોથી વિભૂષિત બની ઘણી વામન યાવત્....વિંટાએલી જ્યાં જાળીઘર છે જ્યાં સ્વર્ણમૂર્તિ છે ત્યાં આવે છે આવીને તે મૂર્તિના-માથેથી તે ફૂલોને દૂર કરે છે, ત્યારે તેમાંથી ગંધ છૂટે છે. જે સાપના મુરદા-જેવી છે યાવત્....ઘણી ખરાબ છે. ત્યારે તે જિતશત્રુ વિગેરે તે ખરાબવાસથી ગભરાયા થકા પોતપોતાના ઉત્તરાસનથી નાક ઢાંકે છે. ઢાંકીને પરાઙમુખ ઉભા રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તે **વિદેહની** શ્રેષ્ઠ રાજકન્યા મલ્લીકુમારી જિતશત્રુ વગેરેને આ પ્રમાણે કહે છે: હે દેવાણુપ્રિયો ! તમો શા સારૂ પોતપોતાના ઉત્તરાસણથી નાક ઢાંકોછો અને પરાઙમુખ ઉભા છો ?

ત્યારે તે જિતશત્રુ વગેરે મલ્લિકુમારીને આ પ્રમાણે કહે છે–હે દેવાણુ-પ્રિયે ! ખરેખર અમો આ ખરાબ દુર્ગંધથી ગભરાએલા પોતપોતાના, યાવત.... ઉભા છીએ.

ત્યારબાદ તે વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા **મલ્લીકુમારી** જિતશત્રુ વગેરેને આ પ્રમાણે કહે છે– હે દેવાણુપ્રિયો ! યદિ આ સોનાની યાવત...પ્રતિમામાં હંમેશાં તે તે પ્રકારના સુંદર અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમનો એકેક કોળીઓ નાખવાથી આ પ્રકારનો ખરાબ પુદ્ગલ સડો ઉત્પન્ન થયો છે. તો પછી આ ઔદારિક શરીર કે જે થુંક કાઢે છે, ઉલટી કરે છે, પિત્ત પાડે છે, શુક્ર લોહી અને પરૂને ઝરે છે, દુર્ગંધી, શ્વાસોશ્વાસ લ્યે છે–મૂકે છે ખરાબ મૂતર તથા ગંધાતી વિષ્ટાથી ભરેલ છે અને સડો, યાવત....સ્વભાવ વાળું છે તે ઔદારિક શરીરનું કેવું પરિણમન ( સડો ) થશે ?

તો હે દેવાણુપ્રિયો ! **તમો માનવી કામ ભોગોમાં જોડાઓ નહીં, બંધાઓ નહીં, લાલચુ બનો નહીં, મૂઢ બનો નહીં ( મુંઝાઓ નહીં) પામવા માટે તલ્લીન બનો નહીં.**

હે દેવાણુપ્રિયો ? એ રીતે ખરેખર તમો અને હું આથી ત્રીજે ભવે અપરવિદેહમાં સલીલાવતી વિજયમાં વિતશોકા રાજધાનીમાં **મહાબલ** વિગેરે સાતેજણ બાલમિત્ર **રાજાઓ** હતા. સાથે ઉત્પન્ન થયા. યાવત....દિક્ષિત બન્યા હતા. હે દેવાણુપ્રિયો ! ત્યારે મેં આ કારણોથી **સ્રીનામ ગોત્ર** કર્મ બાંધ્યું. જ્યારે તમો ચઉથ ભક્ત સ્વીકારી વિચરતા ત્યારે હું છટ્ઠ ભક્ત સ્વીકારીને વિચરતો. બાકી બધું તે પ્રમાણે સમજવું.

હે દેવાણુપ્રિયો ! ત્યારબાદ તમો અંતકાલે મૃત્યુ પામીને જયંત વિમાનમાં ઉત્પન્ન થયા. જ્યાં તમારી કંઈક ન્યૂન બત્રીશ સાગરોપમ પ્રમાણ સ્થિતિ હતી. ત્યારબાદ તમો તે દેવલોકથી સીધા ચ્યવીને આ જંબુદ્વીપમાં યાવત....પોત-પોતાના રાજ્યો પામીને રહો છો.

હે દેવાણુપ્રિયો ! હું ત્યારબાદ તે દેવલોકથી આયુષ્યનો ક્ષય થવાથી યાવતુ–....પુત્રી રૂપે જન્મ્યો.

અરે શું તમો ભૂલી ગયા ? કે ત્યારે જયંત નામવાળા શ્રેષ્ઠ વિમાનમાં વસતા સંકેત કર્યો હતો, તે દેવજાતિની સ્થિતિને યાદ કરો કે આપણે એક બીજાને પ્રતિબોધ કરવો તે સંકેત હતો. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દષ્ટિએ. )

લેખક:—મુનિ ન્યાયવિજયજી

( ગતાંક પૃષ્ટ ૧૩૪ થી શરૂ. )

આ પૂર્વ દેશની યાત્રાના ઐતિહાસિક લેખમાં હવે પછી નવાં નવાં સ્થાનોનો ઇતિહાસ (કાસીમબજાર, બાંસી, મદારહીલ, ક્ષત્રિયકુંડ આદિનું ઘણું જાણવા જેવું વર્ણન ખાસ મહેનત અને તપાસ કરી અનેક વિગતો લેખક મુનિ મહારાજે મેળવી છે. આમાં ભદ્દિલપુર, સિવાય પૂર્વદેશની યાત્રાનું વર્ણન આપેલ છે. અને ભદ્દિલપુર, અયોધ્યા, સૌરીપુરી, હસ્તીનાપુર, આદિનું વર્ણન પછી આપવામાં આવશે. આ આખો લેખ પૂર્વ દેશની યાત્રાનું સંપૂર્ણ વર્ણન આવી ગયા પછી તે બધું વર્ણન એક ગ્રંથ તરીકે કે જે યાત્રાળુઓને ભોમીયા સમાન થઇ પડે તેવું છે). તે કોઇપણ જૈનબંધુ કે બ્હેનની આર્થિક સહાય મળે તો આ સભા તરફથી પ્રગટ કરવામાં આવશે. સહાય આપનાર ગૃહસ્થની ઇચ્છા મુજબ ભેટ કે અલ્પ કિંમતે તે ગ્રંથનો સદ્વ્યય સભા કરી આપશે.

( સેક્રેટરીઓ. )

**કલકત્તા**—ભારતનું અંગ્રેજી રાજ્યનું ભૂતપૂર્વ પાટનગર, અને હિન્દુસ્તાનનું પ્રથમ નંબરનું શહેર ગણાય છે. અહી મુંબઇની ધમાલ કે ગીચ વસ્તી નથી, છતાંય કલકત્તા શ્રી અને ધી માં આજ હિન્દના દરેક શહેરો કરતાં ચઢી જાય તેમ છે, એમ કહેવામાં હું લગારે અતિશયોક્તિ નથી કરતો અહીં અનેક મારવાડી અને બંગાલી શ્રીમાનો વસે છે તેમ અનેક કલાકારો, કલાપ્રેમીયો, વિજ્ઞાનીઓ અને વિદ્વાન્ ધીમાન્ મહાનુભાવો વસે છે. શ્રી અને ધીનો આવો સંયોગ વિરલ જ જોવામાં આવશે.

પૂર્વ દેશની યાત્રાએ આવનાર દરેક જૈનો પ્રાયઃ આ મહાનગરની યાત્રાએ જરૂર આવે છે. શ્વેતાંબર જૈનો માટે ફુલચંદ મુકીમ જૈનધર્મશાળા ઠે૦ બડાબજાર શામાબાઇલેન નં. ૩ છે. તથા તપગચ્છ જૈન ઉપાશ્રય કેનીંગ સ્ટ્રીટ નં ૯૬, તથા ધનસુખદાસ જેઠમલ જૈનધર્મશાળા ઠે. અપર સરકયુલર રોડ, બદ્રિદાસ ટેમ્પલસ્ટ્રીટ નં. ૪૪ અને દાદાવાડી આદિ ઉતરવાનાં સાધનો છે. બીજી ધર્મશાળા પણ છે પરન્તુ જૈનો માટે તો ઉપરનાં સ્થાનો અનુકુળતા ભર્યાં છે.

તુલાપટ્ટીમાં એક મોટું ભવ્યપંચાયતી જીનાલય છે તેના ટ્રસ્ટીઓ તરીકે ઝવેરી સાથ શ્રીમાલસાથ, ઓસવાલ-મારવાડીસાથ, ગુજરાતિસાથ, અને અજીમગંજ સાથના ભાઇઓ છે. દરેક ગચ્છવાળાનું આ મંદિર છે; તેમાં કામ કરે છે અને લાભ લ્યે છે. તેમાં ઉપર આદિ નાથજી અને નિચે શાન્તિનાથજી મૂળનાયક છે, ચૌમુખજીમાં શ્રી વીરપ્રભુ આદિ છે; તથા શામળીયા પાર્શ્વનાથજીની એક મનહર પ્રતિમા છે.

ઇન્ડિયન મીરર સ્ટ્રીટ ધર્મતલા નં ૯૬ કુમારસિંહ હોલમાં ઉપર મંદિર છે. સુંદર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોહર આરસની ધુમટી છે તેમાં મૂળ નાયક શ્રીયુગાદિદેવ—આદિનાથ પ્રભુ છે. તેમજ સ્ફટિકની પ્રતિમાઓ બહુજ રમણીય અને દર્શનીય છે. તેમાં પણ આદિનાથ પ્રભુ મૂળ નાયક છે.

કેનીંગસ્ટ્રીટ નં. ૯૬ તપગચ્છ ઉપાશ્રયમાં ઉપરને માળે હમણાં નવુ, નાનું અને રમણીય મંદિર બન્યું છે, તેમાં વીરપ્રભુ, આદિનાથ પ્રભુ અને શાન્તિનાથ પ્રભુની બહુજ પ્રાચીન અને આકર્ષક પ્રતિમાઓ છે.

અપર સરકયુલર રોડ ઉપર ( શ્યામ બજાર ) મુકિમ જૈન ટેમ્પલ ગાર્ડનમાં પાર્શ્વનાથ બગાનમાં વિશાળ સુંદર ત્રણ જીનાલયો છે. તેમાં એકમાં સુંદર દાદાવાડી છે. દાદાવાડીના દાદાસાહેબના મંદિરમાં અમરનામાશકટાલસુત શ્રી સ્થુલભદ્રજી તથા દાદાજીની પાદુકા છે. ત્યાં સામેજ તળાવ છે અને તેની બાજુમાં શ્રી મહાવીર સ્વામિનું પંચાયતિ મંદિર છે, અને વિશાળ ધર્મશાળા છે, કાર્તિકી પૂર્ણિમાનો ભવ્ય, મનોહર અને અજોડ વરઘોડો અહીંજ ઉતરે છે અને બે દિવસ અહિંજ રહે છે. તેમજ ધર્મનાથ પ્રભુની પાલખી પણ અહીં જ પધરાવે છે. આ વરઘોડો એવો સુંદર અને ભપકાબન્ધ નીકળે છે કે માત્ર કલકત્તાના જ નહિ કિન્તુ સમસ્ત ભારતના જૈન સંઘના ગૌરવ રૂપ છે. જૈનોમાં તો શું કિન્તુ ભારતના ઇતર ધર્મમાં પણ આ આવો વરઘોડો જવલ્લે જ નીકળતો હશે. આની વ્યવસ્થા, ગોઠવણ અને આકર્ષકતા આદિ બધું કલકત્તા અને અજીમગંજનો શ્વેતાંબર સંઘ જ કરે છે. આ મહાવીર સ્વામીના મંદિરની બહારની ધર્મશાળા વટાવીને જતાં સામે જ રાય બદ્રિદાસજી મુકીમનું બંધાયેલ શ્રી શીતળ નાથ પ્રભુનું મંદિર આવે છે. મંદિર બહુજ સુંદર, રળીયામણુ અને આકર્ષક છે. વિવિધ પ્રકારના કાચની ગોઠવણી અને રચના એવી સુંદર છે કે કલકત્તામાં આવનાર દરેક સ્વદેશી વિદેશી પ્રવાસીઓ મંદિરના દર્શનાર્થે અને નિરીક્ષણાર્થે અવશ્ય આવે છે. દાનવીર ધર્મવીર બાબુરાય બદ્રીદાસજીએ તનમન અને અઢળક ધન ખર્ચી આ ભવ્ય મંદિર બંધાવી અગણીત પૂણ્ય ઉપાર્જીત કર્યુ છે. તેઓ જ્યાં સુધી જીવીત રહ્યા ત્યાંસુધી નિરંતર કામ ચાલુજ રહેતું. જેમ બહારની રોનક જોવા યોગ્ય છે તેમ અંદરના સુંદર કલાના નમુના રૂપ આવા ભાવવાહી ચિત્રો, મિનાકારી કામ અને રચના ખાસ દર્શનીય છે. મૂળ નાયક પ્રભુ શ્રીશીતળનાથજીની પરમશીતલ, આલ્હાદક અને ચમત્કારી મૂર્તિ બધાને ભક્તિ ભાવથી નમવા પ્રેરે છે. આ મંદિરના અખંડ દીપકની મસી કાળી નહિ પરન્તુ પીળી હોય છે. મંદિરની સામે બહાર રાય બદ્રિદાસજીની ભક્તિ ભાવે હાથ જોડી બેઠેલી મૂર્તિ છે તેની પાછળ સુંદર તળાવ છે, બાજુમાં સુંદર ગુરૂ મન્દિર છે, બીજી બાજુ પોતાનું મકાન અને બંગલો છે. આ મંદિરની ભવ્યતાથી આકર્ષાઇને રોજ સંખ્યાબંધ યાત્રીકો આવે છે. બપોરે અને સાંજે બંગાળી બાબુઓ હવા ખાવા આવે છે. તેમજ પાશ્ચાત્ય મુસાફરો પણ આવી મંદિરની બાંધણી, રોનક અને રચના જોઇ ખુશખુશ થઇ જાય છે અને આને Beauty of Bengal કહે છે. લોર્ડ કર્જને આ મંદિર જોઇ બહુ જ ખુશાલી પ્રદર્શિત કરી હતી અને તે વખતે પ્રસન્નવદને તેમણે ઉચ્ચાર્યું હતું કે " હિન્દનો ૩/૪ વ્યાપાર જૈનોના હાથમાં છે. સવિતાનારાયણ પોતાના ઉદય કાલ સમયે જે કિરણો ફેંકે છે તે સમયનો અને આશ્વિન તેમ કાર્તિકી પૂર્ણિમાની રાત્રિ કે જે વખતે

૧ કલકત્તાના સુંદર વરઘોડાનું વિસ્તૃત બ્યાન મેં જૈન પત્રમાં અને વીરશાસનમાં રજુ કર્યું છે ત્યાંથી જીજ્ઞાસુઓએ વાંચી લેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધાંશુ ચંદ્રમાં પૂરબહારમાં ખીલે છે તે વખતે મંદિરનો દેખાવ બહુજ આકર્ષક અને ભવ્ય લાગે છે. તેમજ અંધારી રાત્રિમાં ઇલેકટ્રીક ફુલલાઇટના પ્રકાશમાં તો એમજ લાગે કે જાણે આકાશમાંથી તારાગણ પ્રભુના દર્શનાર્થે આવેલ છે. રાય બદ્રિદાસજીના સમયમાં તો હિન્દના વાયસરોય અને ગવર્નરો પ્રાય: એકાદ વાર તો જરૂર આ મંદિરની કળા અને રચનાનું નિરીક્ષણ કરવા આવતા. જૈનોનું આ ગૌરવસ્થાન છે. યદ્યપિ હમણાં હમણાં કઇક પુરાણું થતું જાય છે; સુધારા વધારા કે જોઇએ તેવી સફાઇ થતી નથી, જુનું કામ જીર્ણ થતું જાય છે છતાંય તેની પૂર્વની જાહોજલાલી જળવાઇ રહેલ છે.

આ મંદિરની બાજુમાંજ કપુરચંદજીનું, ભોળાબાબુનું ચંદ્રપ્રભુનું મંદિર છે. આ પણ વિશાલ અને સુંદર છે. કામ હજી ચાલુ છે.

બાબુ જીવણદાસ પ્રતાપચંદનું ઘરદેરાસર હેરિસન રોડના મોડ ઉપર જ આવેલું છે; તેમ જ બાંસતલ્લા સ્ટ્રીટમાં હીરાલાલ મુન્નાલાલના મકાનમાં કેસરીયાજીનાથનું ઘરમંદિર છે.

આ સિવાય ધરમતલ્લામાં આવેલ ઇંડિયન મિરર સ્ટ્રીટમાં કુમારસિંહ હોલમાં બાબુ પુરણચંદજી નહારનું સાહિત્યમંદિર,—જ્ઞાનમંદિર, પુરાતત્વમંદિર ખાસ દર્શનીય છે. કલકત્તા જનાર કોઇ પણ જૈન આ સરસ્વતિ ભુવનનાં અવશ્ય દર્શન કર્યાં વિના ન જ રહે. ખાસ દર્શન કરવા લાયક છે. અનેક પ્રાચીન અર્વાચીન હસ્તલિખિત પુસ્તકોનો વિશાલ સંગ્રહ; હિન્દ અને હિન્દ બહાર યુરોપ આદિ દેશોમાં પ્રકાશિત અને સુન્દર અપૂર્વ પુસ્તકોનો સંગ્રહ, પ્રાચીન અર્વાચીન ચિત્રો, સિક્કા તથા લેખોનો પણ સંગ્રહ સારો છે. મથુરાના ચિત્રોની પ્રતિકૃતિ, અને બીજાં પણ કેટલાંક બાવલાં મૂર્તિઓ સારી છે. એક જૈન શ્રીમાનનો આ વિદ્યાવ્યાસંગ અને કળાપ્રેમ જોઇ કોને આશ્ચર્ય અને આનંદ ઉત્પન્ન નહિ થાય? પોતે ઇતિહાસરસિક, અને વિદ્યાપ્રેમી છે. કલકત્તામાં આવનાર દરેક જૈને આ સરસ્વતીભુવનનાં

(૧) કલકત્તાનાં કેટલાંક સ્થાનોનું રસમય વર્ણન સરસ્વતીમાં પ્રગટ થયેલું તેમાંથી એક અજૈન લેખકે આ મંદિર માટે લખેલા શબ્દો ખાસ વાંચવા યોગ્ય હોવાથી હું અહીં રજુ કરૂં છું. વાંચકોને બહુ જ આનંદપ્રદ નિવડશે. એમ ઇચ્છું છું.

૧ પાર્શ્વનાથકા મંદિર શામ બજાર કે અત્યન્ત સમીપ હૈ. શામ બજાર તક ટ્રામ ગાડી ભી જાતિ હૈ. ઔર ફીર આધામાલ પૈદલ જાના પડતા હૈ. યહમંદિર જૈન સમ્પ્રદાયકા હૈ. યહાં પાર્શ્વનાથ (જૈન ધર્મ પ્રવર્તક) (જો કે જૈન ધર્મ પ્રવર્તક પાર્શ્વનાથજી નથી. તેઓશ્રીનો જૈન ધર્મના ૨૩ માં તીર્થંકર હતા. તેમની પહેલાં બાવીશ તીર્થંકર થઇ ગયા છે.) કી પૂજા હોતી હૈ. (અહીં મૂલ નાયકજી તો જૈન ધર્મના દસમા તીર્થંકર શીતલનાથજી છે પણ અજૈનોમાં પાર્શ્વનાથના મંદિર તરીકે જ ખ્યાતિ છે.) મંદિર કે ગગન ચુમ્બી શિખર બહુત દૂરસે દીખાઈ પડતે હૈ. મંદિરકે સ્થાનકા ક્ષેત્ર રૂલ અધિક નહિં કિન્તુ મંદિરકા સ્થાપત્ય ઔર ચિત્રકલા કૌશલ અતીવ પ્રશંસનીય હૈ × × × × ×

મંદિરકી સજાવટકો દેખકર દર્શક આશ્ચર્યાન્વિત હો જાતા હૈ. મંદિરમે પિરોયે હુએ કાંચકે છોટે, છોટે, ટુકડે હીરે, મણિયોં, ઔર રત્નોકી ભ્રાન્તિ પૈદા કરતે હૈ. ઇસ છોટેસે આકારવાલે મંદિરમેં શિલ્પકલા બડી ઉત્તમતાસે પ્રદર્શિત કી ગઇ હૈ. જબ ઇન કાંચકે ટુકડોં પર વિદ્યુત્પ્રકાશ પડતા હૈ તબ અસંખ્ય પ્રજ્વલિત પ્રદીપ દૃષ્ટિગોચર હોને લગતે હૈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન અવસ્ય કરવા જરૂરી છે. અજૈનો પણ આ ભંડારમાંથી ઘણાં પુસ્તકોનો પ્રેમથી ઉપયોગ કરે છે. અજૈનો પણ પ્રેમથી નિરીક્ષણ કરી જાય છે. જૈનોમાં આવી વ્યક્તિઓ અલ્પ સંખ્યામાં છે. બાબુજી ઇતિહાસરસિક છે, એટલું જ નહિ કિન્તુ સારા લેખક, સંશોધક, અને પુરાતત્ત્વ પ્રેમી છે. કેટલાય પુસ્તકો પ્રકાશિત કર્યાં છે તેમ જ **પ્રાચીન જૈન લેખ સંગ્રહ**ના ત્રણ ભાગ આનો પ્રત્યક્ષ પુરાવો છે. ચોથો ભાગ તૈયાર થઇ રહ્યો છે, તે માટે તેઓની મહેનત પ્રશંસનીય છે. પરન્તુ પ્રથમ શરૂઆત કરનારમાં જેમ કેટલીક મહત્વની ભૂલો અને ત્રુટીઓ રહી જાય છે તેમ આમાં બન્યું છે. કેટલાક મહત્ત્વના અને જરૂરી લેખો રહી ગયા છે જ્યારે બિન ઉપયોગી અને અસંભવિત વસ્તુને અનાવશ્યક સ્થાન મળી ગયું છે. લેખોમાં કેટલાક ત્રુટિત, તથા અપૂર્ણ આવ્યા છે; જો કે કેટલાક સરલતાથી વંચાય તેવા છે, પણ આવી મોટી ભૂલો કેમ રહી ગઇ છે તેનું વિવેચન કરવાનું આ સ્થાન નથી. કેટલાક ઇંગ્લીશ લેખો ઉપર લેખો લેવામાં પણ ભૂલો રહી ગઇ છે આ ઉપરથી કોઇ એમ ન સમજે કે બાબુજીની મહેનતની કદર ઓછી આંકું છું, પરન્તુ સત્ય વાત કહેવી જોઇએ.

ચાલુ—

---

મંદિરકે ચૌક મેં ભી અદ્ભુત શિલ્પકલાકા ચાતુર્ય પ્રકટ કિયા ગયા હૈ. સ્થાન સ્થાન પર અપ્સરાઓંકી મૂર્તિયાં–સજીવ નીજાન પડતી હૈ. મૂર્તિયોંકા લચકદાર ખડે હોનેકા ઢંગ મૂર્તિઓંકે પ્રતિ અંગ સુન્દર બનાવટ અત્યન્ત ચિત્તાકર્ષક હૈ; દર્શકકી દૃષ્ટિ જીસ ચિત્ર પર પડતી હૈ વહાંસે બડિ કઠિન તાસે હટતી હૈ મંદિરકિ સિઢીયોંકે દોનો ઔર દો બડે બડે હાથી બનાયે ગયે હૈ વો ઐસા પ્રતીત હોતા હૈ યેશ્વેત હાથી ઐરાવત હૈં ઔર યહાં અમરાવતીકે ભ્રમસે આગયે હૈ.

અનેક સ્થાનોં પર સંગ મરમર કે કૌતકોત્પાદક જંગલે ઔર સુંદર મુર્તિયાં ઈસ મંદરકી મનોરંજકતાકો બહુત અધિક બઢા રહી હૈ. મંદિર કે સામને એક છોટાસા તાલાબ બના હૈ. ઉસને મંદિરકી શોભા ચૌગુની બઢાદિ હૈ. સાયંકાલકે સમય જબ યહ મંદિર વિદ્યુત પ્રકાશસે જગમગતા હૈ, ઈસકા ઠીક પ્રતિબિમ્બ પાનીમેં દૂસરે મંદિરકા ભ્રમ પૈદા કરતા હૈ. છોટી લહેરોંકે હિલને પર ઐસા પ્રતિત હોતા હૈ કે સારા મંદિર પાનીકે ઉપર તૈર રહા હૈ. સ્થાન સ્થાન પર દર્શકોં કે બૈઠને કે લિએ બેચેં લગી હૂઈ હૈ.

મિસ્ટર સ્મિથને લિખા હૈ કિ ગુપ્ત કાલકે ઉપરાંત ભારતીય શિલ્પકલાકા હ્રાસ હોતા જાતા હૈ. યહ કથન ભલેહી કિસિ અંશમેં ઠીક હો, કિન્તુ પાર્શ્વનાથકે મંદિરકો દેખકર માનના પડેગા કિ ગુપ્તકાલકે ઉપરાંત શિલ્પકલાને કઇ અંશોમેં ઉન્નતિ ભી હૈ.

લે. શ્રીયુત ચક્રધરહંસ.

( સરસ્વતિ ૧૯૩૨, જાન્યુઆરિ વિશેષાંક. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "દ્રવ્યગુણપર્યાય વિવરણ."

લેખક—શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા.

( અનુસંધાન ગતાંક ૫ ના પૃષ્ઠ ૧૧૫ થી શરૂ. )

## ન્યાયાધિકાર.

પ્ર૦ દ્રવ્યર્થિક નયનો દશમો ભેદ કયો ?

ઉ૦ દ્રવ્યાર્થિક નયનો દશમો ભેદ પરમ**ભાવગ્રાહક** નામનો છે. જેના અનુસારે આત્મા જ્ઞાન સ્વરૂપી કહેવાય છે અને જ્ઞાન તે સર્વમાં શ્રેષ્ઠ છે.

પ્ર૦ દ્રવ્યાર્થિક નયના દશમા ભેદને પરમ ભાવગ્રાહક કહેવાનું કારણ શું ?

ઉ૦ આત્માને જ્ઞાન સ્વરૂપી કહેવો તે પરમ ભાવનું ગ્રહણ કર્યું કહેવાય. જોકે જ્ઞાન દર્શન ચારિત્રાદિ આત્માના અનંત ગુણો છે તોપણ તે સર્વમાં જ્ઞાન ગુણ સૌથી શ્રેષ્ઠ છે. કારણ કે જો જ્ઞાન હશે તો આત્માના બીજા ગુણોને જાણી શકાશે. અને જ્ઞાન ગુણ જ વારંવાર ઉપસ્થિત રહે છે. તેથી આત્માનો પરમ સ્વભાવ જ્ઞાન ગુણ છે તેથી તેને પરમ ભાવગ્રાહક નામનો દશમો ભેદ ગણ્યો છે.

પ્ર૦ બીજાં દ્રવ્યોના સબંધમાં આ ભેદ કેવી રીતે સમજવો ?

ઉ૦ બીજાં દ્રવ્યોમાં પણ અસાધારણ ગુણરૂપ પરમ ભાવનું ગ્રહણ કરી લેવું જોઇએ.

## પર્યાયાર્થિક નયના ભેદ.

પ્ર૦ પર્યાયાર્થિક નયના કેટલા ભેદ છે અને તેનો પ્રથમ ભેદ કયો ?

ઉ૦ પર્યાયાર્થિક નયના છ ભેદ છે અને તેનો પહેલો ભેદ **અનાદિનિત્ય-શુદ્ધિ** પર્યાયાર્થિક જાણવો.

પ્ર૦ અનાદિ નિત્ય એટલે શું ?

ઉ૦ જે પદાર્થ અનાદિ હોય (એટલે જેની આદિ એટલે શરૂઆત હોય નહિં) અને જે પદાર્થ નિત્ય (એટલે ત્રણે કાલમાં નિશ્ચલ રૂપે રહે તે) હોય તેને અનાદિ નિત્ય કહેવાય.

પ્ર૦ અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય એટલે શું ?

ઉ૦ જે પયાય અવિનાશી અને નિત્ય હોય તે પયાય અનાદિ નિત્ય શુદ્ધ હોય પર્યાયાર્થિક તરીકે સમજવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નયને દાખલા આપી સમજાવો.

ઉ૦ મેરૂપર્વત પુદ્દગલનો એક પર્યાય છે અને તે પ્રવાહની અપેક્ષાએ અનાદિ અને નિત્ય છે કારણ કે તે શાશ્વતો છે. જોકે અસંખ્યાત કાળે અન્યો અન્ય પુદ્દગલોનું સંક્રમણ થાય છે પણ તેનો જે આકાર છે તે તો એનો એજ રહે છે. બીજા ઉદાહરણ તરીકે રત્નપ્રભાદિક પૃથ્વી કે શાશ્વતી પ્રતિમાઓ ગણી શકાય એ બધા અનાદિ અને નિત્ય પર્યાય છે.

પ્ર૦ પર્યાયાર્થિક નયનો બીજો ભેદ કયો ?

ઉ૦ પર્યાયાર્થિક નયનો બીજો ભેદ **સાદિ નિત્ય પર્યાયાર્થિક** નય જાણવો.

પ્ર૦ સાદિ નિત્ય પર્યાયાર્થિક એટલે શું તે દાખલો આપી સમજાવો.

ઉ૦ સાદિ નિત્ય પર્યાયાર્થિક એટલે જે પર્યાયની આદિ હોય અને તે જે નિત્ય પણ હોય તે સાદિ નિત્ય પર્યાયાર્થિક નય કહેવાય. દાખલા તરીકે જે જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે તે જીવની મોક્ષમાં જવાની આદિ થાય છે, પણ મોક્ષમાંથી તે જીવનું આવવું નહિં હોવાથી તે સાદિ નિત્ય કહી શકાય.

પ્ર૦ પર્યાયાર્થિક નયનો ત્રીજો ભેદ કયો ?

ઉ૦ **અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક** નામનો ત્રીજો તેનો ભેદ છે.

પ્ર૦ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય એટલે શું ?

ઉ૦ જે પર્યાય નિરંતર અનિત્ય હોય અર્થાત તે સત્તામાં ગૌણ હોય અને ઉત્પત્તિ તથા વિનાશથી નિરંતર અનિત્ય રહે. જે જે વસ્તુ વર્તમાન કાળે વિદ્યમાન છે તેનો ઉત્પાદ વ્યયની પ્રાધાન્યતા માનવાથી અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નામનો ત્રીજો ભેદ કહ્યો છે.

પ્ર૦ પર્યાયાર્થિક નયનો ચોથો ભેદ કયો ?

ઉ૦ પર્યાયાર્થિક નયનો ચોથો ભેદ **સત્તા ગ્રાહક નિત્ય અશુદ્ધ** નામનો છે.

પ્ર૦ પર્યાયાર્થિક નયનો ચોથો ભેદ જે સત્તા ગ્રાહક નિત્ય અશુદ્ધ નામનો કહ્યો છે તે કેવી રીતે છે તે સમજાવો

ઉ૦ એક સમયમાં પર્યાયનો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ ત્રણે લક્ષણે કરીને યુક્ત હોય છે, કારણકે ઘટમાં જ્યારે પૂર્વ પર્યાય શ્યામપણું નષ્ટ થાય છે ત્યારે ઉત્તર પર્યાય રક્તપણું ઉત્પન્ન થાય છે. હવે અહીંયાં રક્ત પર્યાયનો ઉત્પાદ, શ્યામ પર્યાયનો વ્યય અને ઘટદ્રવ્યનું ધ્રૌવ્યપણું એ ત્રણે લક્ષણ એક સમયમાં હોય છે. પર્યાયનું શુદ્ધ સ્વરૂપસત્તા હોય છે. તે સત્તાનું જ્યારે ગ્રહણ થાય છે ત્યારે નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નામનો ચોથો ભેદ સિધ્ધ થાય છે. ખરી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્યાયમાં સત્તાનું દર્શન હોય નહિ છતાં અહીંયાં સત્તાને મૂળપણે દેખાડી તેથી તે નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નય કહેવો.

પ્ર૦ પર્યાયાર્થિક નયનો પાંચમો ભેદ કયો ?

ઉ૦ **કર્મોપાધિ રહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નયને** પાંચમો પર્યાયાર્થિક નયનો ભેદ કહ્યો છે.

પ્ર૦ કર્મોપાધિ રહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય કેવી રીતે સમજવો ?

ઉ૦ જે પર્યાયમાં કર્મની ઉપાધિ હોય છતાં તેની વિવક્ષા નહિં કરતાં તેના શુદ્ધ અને નિત્ય પર્યાયની જ વિવક્ષા કરવી તે નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય કહેવાય છે, જેમ કે સંસારી જીવ કર્મની ઉપાધિએ કરીને યુકત હોય છે તો પણ તે કર્મની વિવક્ષા નહિં કરતાં તેની સત્તામાં રહેલા જ્ઞાન, દર્શન ચારિત્રાદિ મૂળ ગુણ જે સિદ્ધના જીવો જેવાજ છે તેનીજ વિવક્ષા કરીએ તો તે કર્મોપાધિ રહિત શુદ્ધ પર્યાયાર્થિક નય કહેવાય. ભાવાર્થ એવો છે કે સંસારી જીવને આઠ કર્મ લાગેલા છે અને તેનો વિચાર કરીએ તો જેમ લીલાં લાકડાંથી ઉત્પન્ન થએલો ધુમાડો ઉપાધિ રૂપ જ છે તેમ સહજ શુદ્ધ સ્વભાવી આત્મામાં કર્મ 'નિજગુણ' નહિ હોવાથી ઉપાધિરૂપ જ છે. તેથી કરીને જો કે સંસારી જીવ તે કર્મથી યુકત છે તો પણ જયારે તે ભવી જીવને કર્મથી રહિત સ્વરૂપમાં વિચારીએ છીએ ત્યારે તે સિદ્ધરૂપ દેખાય છે. તાત્પર્ય એમ સમજવું કે કર્મરૂપ ઉપાધિ ભાવને વિવક્ષિત ન ગણીએ અને જ્ઞાન, દર્શન ચારિત્રને વિવક્ષિત ગણીએ તો નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નામનો પાંચમો ભેદ સિદ્ધ થાય છે.

પ્ર૦ પર્યાયાર્થિક નયનો છઠ્ઠો ભેદ કયો ?

ઉ૦ પર્યાયાર્થિક નયનો છઠ્ઠો ભેદ **અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક** નામનો છે.

પ્ર૦ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નય સમજાવો.

ઉ૦ પાંચમા ભેદથી વિપરીત અર્થવાળો આ છઠ્ઠો ભેદ છે. પાંચમા ભેદમાં જેમ કર્મોપાધિની વિવક્ષા નહોતી તેમ છઠ્ઠા ભેદમાં કર્મ ઉપાધિની જ વિવક્ષા કરવાની છે. પાંચમા ભેદમાં નિત્ય અને શુદ્ધ મૂળગુણની અપેક્ષા હતી ત્યારે છઠ્ઠા ભેદમાં અનિત્ય અને અશુદ્ધ પર્યાયની અપેક્ષા છે. જેવી રીતે સંસારી જીવોના જન્મ મરણ કર્મરૂપ ઉપાધિની અપેક્ષાથી છે તથા તેમાં વર્તમાન પર્યાય અનિત્ય છે અને કર્મના સંયોગને લેઇને અશુદ્ધ પણ છે તેથી તે અનિત્ય અને અશુદ્ધ પર્યાય કહી શકાય છે. માટે કર્મોપાધિની અપેક્ષાવાળો જે અનિત્ય અને અશુદ્ધ પર્યાય હોય તે પર્યાયાર્થિક નયના છઠ્ઠા ભેદમાં ગણી શકાય છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વદેશ ભાવના.

## ઓધવજી સંદેશો કહેજો શામને—એ રાગ.

એજ અમારો ઉત્તમ આશીર્વાદ છે; ભરતખંડનું ભલું કરો ભગવાન જો;
મહાવીરસમ ઉપદેશક અહીંયા પાકજો; સકલ સૃષ્ટિમાં હજો હિન્દ સન્માન જો.
એજ૦ ૧

રામચંદ્રસમ પાવન પુરૂષો પાકજો; પિતા વચનના પૂરણ પાલનહાર જો;
એક જ પત્ની એક જ બાણ પરાક્રમી; એક જ વાચક મુખથી ઉચ્ચરનાર જો.
એજ૦ ૨

શીવાજી દક્ષિણમાં દીવ્ય થઇ ગયા; હવડાં કીધો દેશતણો ઉદ્ધાર જો;
હિન્દુની પત રાખી જબરી હામથી; જશ અહીં રહેશે જેનો કાળ અપાર જો.
એજ૦ ૩

સીતા ને દમયંતી સાવિત્રી સમી; નિર્મળ દીલની થાશો નિર્મળ નાર જો;
શાસ્ત્ર વિષે નિર્મળ એઓની નામના; પાવન નામે પાવન થઇએ સાર જો.
એજ૦ ૪

કાદંબરીના પ્રેમ જગત શું કલ્પશે; સુંદરી એવી સુંદરોની શીરતાજ જો;
ભામાશા સરખા વ્યાપારી પાકજો; સરશે જેના નાણે જગનાં કાજ જો.
એજ૦ ૫

પાવન દેશે પાવન પુરૂષો પાકજો; જૂઠ કપટનો નિશ્ચય થાજો નાશજો;
વર્ષે વર્ષે વૃષ્ટિ વરસજો હિન્દમાં; સ્વતંત્રતાનો ઉજળો હજો ઉજાશ જો.
એજ૦ ૬

અજિતસાગરકેરી એ આશિષ છે; ધર્મકર્મમાં સૌનું રહેજો ધ્યાન જો;
આત્મદષ્ટિનો જય હું ચિત્તમાં ચાહું છું; હિન્દ વિષે હો હમ્મેશાં ઉલ્લાસ જો.
એજ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજનની સફળતા.

( ગતાંક પૃષ્ઠ ૧૧૭ થી ચાલુ )

હવે દીપક અને ધૂપ પૂજા સબંધી ટુંકમાંજ વિચારી લઇએ. ઘી જેવા પવિત્ર પદાર્થનો દીપક અને દશાંગ ધુપ કિંવા વપરાતી અગરબત્તી એ ભાવનામાં અનેરો રંગ પૂરે છે, પણ કયારે કે જયારે હૃદયમાં એનું નિમ્ન સ્વરૂપ રમણ કરતું હોય તોજ.

દ્રવ્ય દીપ યાને પ્રભુ સન્મુખ દીવો પ્રગટાવવાનું કાર્ય 'ભાવ પ્રદીપ' પ્રગટ કરવાનો નિમિત્તભૂત છે એથી મનમાં જ્ઞાનરૂપ દીવડો જગાવવાના અભિલાષ છે. પ્રાંતે 'કેવલજ્ઞાન' રૂપ અનુપમ જ્ઞાન પ્રાપ્તિ એ ધ્યેય છે એ વાત સતત જાગ્રત રહેવી ઘટે. ઘીનો દીવો એનું સૂચન માત્ર છે. સાધન ધર્મ પાલન કરતાં સાધ્ય ન વિસરાય. હવે સહજ સમજાશે કે લક્ષ્ય આપણું હજારો દીવામાં નથી પણ એમાં સમાયેલા આશયમાં છે. આજે કેટલેક સ્થાને વિજળીના દી । ઠેઠ પ્રભુશ્રીના ગભારા સુધી પહોંચી ગયા છે અને ચાંપ દાબતાં હજારો દીવા ઝગી પણ ઉઠે છે એથી ભલે કટોરીની આંગી અથવા હીરા માણેકની આંગી ઝહહળી ઉઠે પણ એ દ્વારા અંતરના તાર કેટલા ઝણઝણે છે અથવા તો દીપક પૂજાનો ઉદ્દેશ કેટલે અંશે બર આવે છે એ અવશ્ય વિચારણીય છે.

વળી હાંડી ઝુમરના સંખ્યા બંધ દીવડા પણ જયણા રહિત સળગાવ-વામાં હિંસા વૃદ્ધિ સિવાય બીજું શું છે ? તો પછી વિજળીના દીવાઓમાં એથી વધુ દોષાપત્તિ છે. આ સબંધમાં લંબાણ ન કરતાં એટલુંજ કહેવું ઘટે છે કે અહિંસાનું સૂત્ર જળવાઇ રહે અને આત્મા જ્ઞાન ગુણમાં પ્રગત્તિ સાધે તેવા પ્રકારે દીપક પૂજા થવી જોઇએ—અખંડ દીપકનું રહસ્ય વિચારીએ તો કંઇ જૂદાજ પ્રકારનું સમજાય છે. આત્માનો જ્ઞાન ગુણ કે જે પ્રગટાવ્યા સિવાય મુક્તિનો સંભવ જ નથી એમાં સદા રમણના અર્થાત વાંચન, મનન અને નિદિધ્યાસન કર્યા જવું. એ ભાવને જાગ્રત રાખનાર સાધન તરિકે અખંડ દીપકની પૂજાનો ઉલ્લેખ થયો હશે આજે તો મોટા કોડીયામાં એકાદ ખૂણે ઘીના રેલા ચાલતા હોય. ચોતરફ કાળાશ વળગી હોય જવલ્લેજ રીતસર કોડીયું સાફ થતું હોય. આ દશા જૈનત્વની દ્રષ્ટિયે કામ ન આવે. કોઇક જગા-એ તો ઘીમાં રતાશ આવી જાય છે જે જીવોત્પત્તિ સૂચક છે. સાચો જૈન એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિ ઘડીભર ન ચલાવી શકે. અખંડ દીવાનુ રહસ્ય સમજવાની પ્રથમ આવશ્યકતા છે. માત્ર ઘીનો દીવો કરી નાંખ્યો પણ એક ક્ષણ માત્ર જ્ઞાન શું ચીજ છે એ જેણે વિચાર્યું સરખું નથી તેને શું દીપક પૂજાનો સાચો મર્મ સમજાય ખરો ? ફળપ્રાપ્તિ જરૂર તેનાથી આઘી છે.

> ધ્યાન ઘટા ધરી આત્મા, વામ નયન જીન ધૂપ;
> મિચ્છત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ.

આ દુહામાં ધૂપ ઉખેપવાનું રહસ્ય ટુંકમાં છતાં મુદ્દાસર રીતે કહેલું છે. મિથ્યાત્વરૂપ દુર્ગંધ એટલે કે સત અસતની પરીક્ષા કરવારૂપ વિવેક જેનો રૂંધાઇ ગયો છે તેવી સ્થિતિ ટાળવી એ પ્રથમ કાર્ય આ પૂજાદ્વારા કરવાનું છે. ધ્યાનનો અભ્યાસ પાડી આત્મ સ્વરૂપની ઝાંખી કરવાની છે. માત્ર ધૂપદાનને ચક્કવા લેવડાવવાથી કાર્ય સિદ્ધ ન જ થઇ શકે. પ્રભુની જમણી બાજુ દીપક અને ડાબી બાજુ ધૂપદાન રાખવાનો સ્પષ્ટ ઉલ્લેખ છતાં કેટલાક તો અગ્રપૂજાના આ સાધનો ઠેઠ પ્રભુના બિંબ સુધી લઇ જાય છે ? કોઇ કોઇ તો પૂજાની રકાબીમાં કેસરની સાથે ધુપ રાખે છે. તેથી કેટલીકવાર પુષ્પો દાઝી જાય છે તેનો ખ્યાલ સરખો પણ આ મહાનુભાવોને હોતો નથી. પૂજન સબંધેની આ બધી અજ્ઞાનતા ખંખેરી નાંખ્યા સિવાય પૂજન પરત્વે નો સાચો ઉલ્લાસ પ્રગટવાનો નથી.

અક્ષત-નૈવેદ્ય અને ફળ પૂજા સબંધે ઝાઝુ કહેવાનું નથી. દેવગુરૂના દર્શન ખાલી હાથે ન કરાય એ વાત જૈનના સંતાનને શિખવવી પડે તેમ ન હોવાથી ચોખા-બદામ વિના ભાગ્યેજ તે દર્શને જવાનો. આમ અક્ષત ને ફળ પૂજાનો સલગ્ન જ છે.

વિચારણીય વાત તો એટલીજ છે કે એ દરેક પદાર્થ ભગવાન સામે ધરી એ દ્વારા આપણા હૃદયના ભાવો શા છે અથવા તો એ મૂકી આપણે શું ઇચ્છીએ છીએ એ અવશ્ય વિચારવું ઘટે છે. વળી એ સાથે દયાનું દ્રષ્ટિબિન્દુ વિસ્મૃત થવા દેવું નજ ઘટે. નૈવેદ્યમાં ખાંડના એવા પદાર્થો આવે છે કે જેની વાસથી સંખ્યા બંધ કીડીઓ કિંવા મક્ષિકાઓ ખેંચાઇ આવે છે તો એ માટે ખાસ ચોકસાઇ રાખવી. પાટલાપર મૂકયા પછી એ તરફ નજર ન ફેરવવી અગર ચૈત્ય વંદન પૂર્ણ થયા પછી પણ ત્યાંથી ઉપાડવા તસ્દી ન લેવી એ ચોકખી દુર્લક્ષ્યના જ છે. એથી લાભ કરતાં હાનિનો સંભવ વધુ છે. વળી ખાંડ સબંધમાં જે અપવિત્રતાની વાતો સંભળાય છે તે પણ સ્મૃતિમાં હોય એટલે પવિત્ર ચીજના ઉપયોગ પરત્વેજ જૈન તરીકે આપણુ લક્ષ્ય સંભવે. પાકા ફલો મૂક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

અનુવાદક—વિઠ્ઠલદાસ મૂ. શાહ

( ગતાંક પૃષ્ઠ ૧૦૪ થી શરૂ )

જ્ઞાનના ચાર પ્રવાહ છે-સ્વાભાવિક જ્ઞાન, તર્ક, અંતજ્ઞાન અને આત્મજ્ઞાન, સ્વાભાવિક જ્ઞાન પશુ પક્ષીઓમાં જોવામાં આવે છે પક્ષિઓમાં અહંકાર સ્વતંત્ર દૈવીપ્રવાહ તથા દૈવીક્રીડામાં બાધક નથી બનતો. તાર્કિક જ્ઞાન સ્વાભાવિક જ્ઞાનથી શ્રેષ્ઠ છે અને તે મનુષ્યોમાં જ જોવામાં આવે છે. તે સાચું સંકલન કરે છે, તેનું વિશુદ્ધકરણ કરે છે, કારણથી કાર્ય અને કાર્યથી કારણની તર્કના કરે છે. અનુમાપક વાકયોથી પરિણામ લાવે છે અને સાધ્યથી પ્રયાણ તરફ આગળ વધે છે. તે પરિણામ લાવે છે, નિર્ણય કરે છે અને પરામર્શ આપે છે. તે તમને સાવચેતીથી અંતઃકરણની સમીપ પહોંચાડે છે. અંતર્જ્ઞાનમાં તર્કની આવશ્યકતા નથી હોતી. ત્યાં તો વસ્તુનું પ્રત્યક્ષ જ થાય છે. એક પલકારામાંજ તમને વસ્તુજ્ઞાન થઇ જાય છે. અંતર્જ્ઞાન તર્કથી વધારે છે, પરંતુ તેની ઉપેક્ષા નથી કરતું. કારણ-શરીરની ક્રિયાઓદ્વારા જે જ્ઞાન થાય છે. તે અંતર્જ્ઞાન છે શ્રી અરવિન્દ ઘોષ તેને Super-mind અથવા Super mental consciousness કહે છે. આત્મજ્ઞાન અંતર્જ્ઞાનથી જુદું છે, તે કારણશરીરનું અતિક્રમણ કરે છે, તે જ્ઞાનની પરમાવસ્થા છે. તે જ કેવળ સત્ય છે.

જ્ઞાનના સાત ક્ષેત્ર છે.-પ્રભાવ, પ્રત્યક્ષ અંતર્દષ્ટિ અંતર્જ્ઞાન, તપ દિવ્ય જ્ઞાન અને પરમાનન્દ-અવસ્થા.

---

વાથી પણ ઉપર વર્ણવ્યા જેવું બને છે. એ સબંધ ખાસ કાળજી રાખી વિવેક કરવાની અગત્ય છે. ફળના મલિન રસથી કે નૈવેદ્યના સંસર્ગથી મિશ્રિત થયેલા ચોકખા ભંડારમાં જતાં આખા ભંડારને જીવાતવાળો બનાવી દે છે તેથી કરીને આ પદાર્થ માટે ખાસ સાવચેતી રાખવાની આવશ્યકતા છે. પૂજાના ફળની પ્રાપ્તિ માત્ર મૂકી દેવામાં પર્યાપ્ત નથી થઇ જતી એ સાથે લાભ હાનિના પ્રશ્નને તેમજ દયાના સિદ્ધાંતને ખાસ સબંધ છે.

આમ આપણે અષ્ટ પ્રકારી પૂજા વિષે વિચારણા કરી ચુકયા, હવે ભાવ પૂજા સબંધે ટુંકમાં વિચારી આ લેખ સમાપ્ત કરીશું.

લે૦ ચોકસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન સંકલ્પાત્મક ચિત્રોદ્વારા સૂક્ષ્મતા ગ્રહણ કરવાનો યત્ન કરે છે. મન શુદ્ધ થતાં જ શુદ્ધ મનમાં શાસ્ત્રોના શ્રવણ અને મનનદ્વારા એક સૂક્ષ્મ ચિત્ર રચાય છે, તે સૂક્ષ્મ ચિત્ર ગંભીર નિદિધ્યાસનમાં મળી જાય છે, પછી જે કાંઇ બાકી રહી જાય છે તે છ ચિન્માત્રા અથવા કેવળ અસ્તિ.

ઘણા મનુષ્યો કોઇ મૂર્ત પદાર્થ પોતાના અવલંબન માટે ઇચ્છે છે. તેઓ કોઇ એવો પદાર્થ ઇચ્છે છે કે તેના મનમાં બધા સંકલ્પાત્મક ચિત્રોનું કેન્દ્ર બની શકે છે. મનને અવલંબન માટે એક મૂર્ત વસ્તુની આવશ્યકતા છે, એ તેનો સ્વભાવ છે. એટલા માટે મનને જમાવવા માટે સંકલ્પની એક પૃષ્ટ ભૂમિની જરૂર છે.

બાહ્ય વસ્તુઓથી થતું સુખ ક્ષણિક, પરિવર્તનશીલ અને નિઃસાર છે. એ કેવળ તંતુઓને ઉત્તેજીત કરનાર અને માનસિક ભ્રમ છે. શરીર શોક તથા રોગનું નિવાસસ્થાન છે. ધનની પ્રાપ્તિ તથા રક્ષા માટે અનેક જાતની વિપત્તિઓની સામે થવું પડે છે. પ્રત્યેક સંપર્કથી દુઃખ ઉત્પન્ન થાય છે. સ્ત્રી દુઃખનું એક નિયત કારણ છે, અધ્યાત્મજ્ઞાન સંબંધી પુસ્તકોનું અવલોકન કરો. હમેશાં સત્સંગ કરો. ભાવપૂર્ણ થઇને ૐકારનો હમેશાં જાપ કરો. પરમાત્માનું ધ્યાન કરો, આત્માનુભવ કરો, કેવળ એનાથી જ તમને બધા સાંસારિક દુઃખોમાંથી છુટકારો મળશે અને તમને શાશ્વત શાંતિ, જ્ઞાન તથા આનન્દની પ્રાપ્તિ થશે.

આપણા મનમાં અનેક જાતના દૂષિત નિશ્ચય, અંધવિશ્વાસ જડ થઇ ગયા છે તે હાનિકારક છે. તેને આપણે શુદ્ધ નિશ્ચયો, શુદ્ધ સંકલ્પોદ્વારા નષ્ટ કરવા પડશે. ‘ હું શરીર છું ’, ‘ હું અમુક પુરૂષ છું. ’ ‘ હું બ્રાહ્મણ છું ’ ‘ હું પૈસાદાર છું ’ એ સઘળા નિશ્ચય, સંસ્કાર દૂષિત છે. તમારા મનમાં સાહસપૂર્વક નિશ્ચય કરી લ્યો કે હું પરમાત્માસ્વરૂપ છું. હમેશાં સતત પ્રયત્ન કરતાં કરતાં ‘ હું શરીર છું ’ એ જાતનો દૂષિત નિશ્ચય તથા સંસ્કાર ધીમે ધીમે નષ્ટ થઇ જશે.

બીજમાં વૃક્ષ પોતાની શાખાઓ પાંદડાં અને ફૂલો સાથે સૂક્ષ્મરૂપે રહેલું છે. તે પ્રકટ થવામાં સમય લાગે છે, એવી રીતે કામવાસના બાળપણથી મનમાં છૂપાઇ રહેલ છે. અઢાર વર્ષની ઉંમરે પ્રકટ થાય છે. પચીસ વર્ષની અવસ્થાએ આખા શરીરમાં વ્યાપ્ત થઇ જાય છે, પચીસથી પીસ્તાલીશ વર્ષ સુધી તે અવસ્થામાં રહે છે અને પછી ઘટવા લાગે છે. એ દરમ્યાન અનેક જાતના દુષ્કર્મો અને પાપો મનુષ્યજીવનમાં થાય છે. છોકરા અને છોકરી જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી યુવાનીમાં હોય છે ત્યાં સુધી તેઓના આચારમાં ખાસ ફેર નથી હોતો યુવાવસ્થાએ પહોંચતાં જ તેઓ પોતાના આચારનું ફૂલકર્મો કરવા લાગે છે.

તૃષ્ણા જ જન્મ લેવાનું પ્રધાન કારણ છે. એ તૃષ્ણાથી સંકલ્પ અને કર્મ ઉત્પન્ન થાય છે. તૃષ્ણાદ્વારા જ સંસારચક્ર ગતિશીલ રહે છે. શરૂઆતમાં જ તેને નષ્ટ કરી દ્યો, પછી સઘળું સારૂં જ છે. આત્મભાવના, ઇશ્વરચિંતન નું ધ્યાન તથા ભક્તિ તૃષ્ણાને જડમૂળથી ફેંકી દેશે તેને જડમૂળથી ઉખેડીને બાળી નાંખવી કે જેથી તેનું પુનર્જીવન જ ન થઇ શકે ત્યારેજ આપણા પ્રયત્નથી નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ થશે.

સુખ તથા દુઃખનું કારણ ધર્મ અને અધર્મ છે. તે બન્ને પ્રકારના ભાવો છે, જે કેવળ મનની સાથે સંબંધ રાખે છે. આત્માનો વાસ્તવિક સ્વભાવ તો મન તથા શરીરથી છુટકારો મેળવવાનો છે, અને જ્યાં ધર્મ અને અધર્મની સંભવના જ નથી હોતી ત્યાં તેનો પ્રભાવ જરા પણ નથી પડતો તેથી સુખ અને દુઃખ આત્માને સ્પર્શી શકતા નથી. આત્મા તો અસંગ, અસકત, અને નિર્લિપ્ત છે. તે તો મનમાં ઉત્પન્ન થનાર બન્ને પ્રકારના ગુણોનો-ધર્મ તથા અધર્મનો સાક્ષી છે. મન સુખ ભોગવે છે, મન દુઃખ ઉઠાવે છે. સુખ અને દુઃખ ઉપાધિ ધર્મ છે, સિદ્ધર્મ છે. આત્મા તો ચુપચુપ જોયા જ કરે છે. સુખ દુઃખની સાથે એને કશો સંબંધ નથી. ( ચાલુ )

## વર્તમાન સમાચાર

### પવિત્ર તીર્થ કદંબગિરિતીર્થ ઉપર અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ.

શ્રી શત્રુંજય તીર્થની પવિત્ર ટુંકોમાં આ કદંબગિરિ પણ છે. ત્યાં પણ ભૂતકાળમાં અનેક મહાપુરૂષો સિદ્ધિપદ પામ્યા છે. કાળપરિવર્તન શું કામ કરે છે ? આજ જ્યાં માત્ર ડુંગર અને પાદુકા છે તેને બદલે ત્યાં ભૂતકાળનું જણાવવામાં આવેલું તીર્થ-સમયાનુકૂળ તીર્થ બની જાય છેઃ તે પવિત્ર ભૂમિનો મહીમા છે. કાઠીયાવાડ-ગુજરાતમાં અંજનશલાકા અને આ તીર્થ ઉપર ( પ્રતિષ્ઠા સાથેનો ) પ્રસંગ ઘણા વર્ષોમાં નહિ થયેલો પ્રથમ છે. પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વર, મહારાજના સદુપદેશામૃતથી જૈન સમાજને આ અપૂર્વ પ્રસંગ સાંપડ્યો છે. તેનું માહ શુદ ૧૩ ના રોજ મંડપ મુહૂર્ત અને ત્યાંથી ફાલ્ગુન શુદ ૧ સુધી બંને માંગલ્ય પ્રસંગોનાં અંગોની વિવિધ ક્રિયાઓ વિધિવિધાન સહિત કરવામાં આવશે. ફાલ્ગુન શુદ ૨ રવિવારના રોજ અંજનની શુભ ક્રિયા અને શુદ ૩ સોમવારના રોજ પ્રભુજીને ગાદીએ બિરાજમાન કરવાના ( પ્રતિષ્ઠા ) શુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુહૂર્તો છે સાથે દરરોજ ભક્તિનિમિત્તે પૂજા ભણાવવી, આંગી રચના, ભાવના અને સ્વામીવાત્સલ્ય થવાના છે. આ પ્રમાણેના માંગલિક કાર્યો આમંત્રણ પત્રિકા મારફત જણાવવામાં આવેલ છે. આ શુભ પ્રસંગ ઉપર પ્રભુભક્તિ અને અનેક મુનિમહારાજાઓનું આવાગમન થવાનું હોવાથી ગુરૂદર્શનનો પણ લાભ થશે. ( મળેલું )

# સ્વીકાર અને સમાલોચના.

૧ **વીર-વિભૂતિ:** ૫૭ કાવ્યોનો સંસ્કૃત ભાષામાં વિદ્વતાપૂર્ણ. આ ગ્રંથના કર્ત્તા ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મુનિરાજ **શ્રી ન્યાયવિજયજી** છે. ખરી રીતે તેઓશ્રીની કૃતિની સમાલોચના તો તેઓશ્રીના જેવા વિદ્વાન જ કરી શકે, છતાં સામાન્ય રીતે તેમની કોઇ પણ કૃતિ, રસપૂર્ણ, શૈલી સરલ અને મધુર હોય છે. આ કાવ્યોનો સાથે સાથે ઇંગ્લીશ અનુવાદ અને પ્રસ્તાવના **બી. ભટ્ટાચાર્ય એમ. એ.** P. H. D. ( ડાઇરેકટર ઓરીયેન્ટલ ઇનસ્ટીટયુટ-બરોડા ) જેવા વિદ્વાનના હાથે થએલ આ ગ્રંથમાં આપવામાં આવે છે; તેથી જ ગ્રંથ લઘુ છતાં અભ્યાસીઓને ઉપયોગી બનેલ છે. આવા લઘુ ગ્રંથ છતાં જૈન સાહિત્યમાં તે ઉમેરો કરે છે. પ્રસિદ્ધકર્તા **શ્રી જૈન યુવકસંઘ-વડોદરા** હાલમાં સાહિત્ય ક્ષેત્રમાં આવા ગ્રંથ પ્રકટ કરી ઠીક વધારો કરે છે.

૨ **શ્રી પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**-વાદી **શ્રી** દેવસૂરિ મહારાજવિરચિત ગુજરાતી અનુવાદ સહિત. અનુવાદક અને પ્રકાશક-ગાંધી **મફતલાલ ઝવેરચંદ** અમદાવાદ. આ ગ્રંથમાં પ્રમાણ અને નયનું સ્વરૂપ જૂદી જૂદી માન્યતાના અવલોકનપૂર્વક યોગ્ય એકીકરણ કરી બહુ જ સુંદર રીતે રચનાર મહાત્માએ અનેક દર્શનોના ગ્રંથોનું અધ્યયન કરીને આ ગ્રંથ ગુંથ્યો છે.

જૈન દર્શનના ન્યાયના સિદ્ધાંતોને અન્ય દર્શનોના ન્યાયના સિદ્ધાંતો સાથે મુકાબલો કરતાં અન્ય દર્શનોના ન્યાયના સિદ્ધાંતોમાં કયાં અપૂર્ણતા છે ? તેના લક્ષણો વગેરે કયાં અધુરા છે ? તે જણાવી ન્યાયના સિદ્ધાંતો કયા હોઇ શકે તેનું સ્પષ્ટ રીતે આ ગ્રંથમાં પ્રતિપાદન કરેલું છે.

ન્યાયના અભ્યાસીઓને આ ગ્રંથ અતિ મહત્ત્વનો છે. આ ગ્રંથ રચાયા પછીના આચાર્ય અને વિદ્વાન મુનિરાજોએ પોતાની કૃતિના ગ્રંથોમાં પ્રમાણરૂપે ઉતારા અને સાધનો આપેલ છે. આ ગ્રંથની બીજી ટીકાઓ પણ છે. આવા ન્યાયના અપૂર્વ ગ્રંથ માટે વિશેષ સમાલોચના તેના ન્યાયવિશારદો જ કરી શકે. આ તેનો પ્રથમ ભાગ છે. કિંમત બે રૂપીયા વિશેષ છે જેથી અનુવાદક મહાશય તે વસ્તુ ધ્યાનમાં લેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ **જીવનપ્રભા તથા રાસ અને વૃજવિનોદ વચનામૃતો:**—લેખક શ્રી ઉપાધ્યાયજી **મહારાજ શ્રી દેવવિજયજી ગણી.** શ્રી વિજયકમળકેશરગ્રંથમાળાના દેવપુષ્પ ૨૧-૨૨-૨૩ તરીકે આ ગ્રંથ છે, જેમાં આચાર્ય શ્રી વિજયકેસરસૂરિજીનું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત છે. સાથે વૃત્તાંત સંવાદરૂપે અને છેવટે ઉપદેશક આચાર્ય મહારાજના બધા ગ્રંથોમાંથી વાકયો તારવી કાઢી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આચાર્ય મહારાજ સારા વ્યાખ્યાનકાર, ગ્રંથકાર અને ઉપદેશક હોવા સાથે યોગસાધક હતા. યોગ સંબંધી તેનું જ્ઞાન અને સાધના ઉત્તમ હતી. નિરંતર તેઓ આગળ વધતા હતા જેથી તેમના જીવનચરિત્ર સાથે યોગ સંબંધી તેમનું લખાણ, ઉપદેશ, વૃત્તાંત કે ગ્રંથ આપવામાં આવેલ હોત તો તે યથાર્થ બનત એમ અમો માનીએ છીએ. હવે પછી તે રીતે આપવા જરૂર છે જીવનવૃત્તાંતનો લઘુ ગ્રંથ કીંમતને બદલે યોગ્ય સ્થળે વિશેષ પ્રમાણમાં પ્રચારકાર્ય તરીકે ભેટ આપવાની જરૂરીયાત છે.

૪ **પ્રાચીન સાહિત્ય ઉદ્ધાર ગ્રંથાવલી**—પ્રાચીન સ્તોત્રસંગ્રહ પ્રથમ ભાગ. મુનિરાજ શ્રીમદ્ **અમરવિજયજી** મહારાજના સુશિષ્ય **મુનિરાજ શ્રી ચતુરવિજયજી** મહારાજ આ ગ્રંથના સંપાદક અને સંશોધક છે. શ્રી હેમચંદ્રસૂરિ, શ્રીરામચંદ્ર, અમરચંદ્ર, હરિભદ્રસૂરિ, જિનભદ્ર, ભદ્રબાહુસ્વામી, શ્રી ધર્મઘોષ, ધનપાળ કવિ અને શ્રીપાલ પંડિત આદિ કવિવરો અને વિદ્વાન આચાર્ય અને મુનિમહારાજાઓના અપ્રસિદ્ધ સ્તોત્રો કે જે સુંદર શૈલીમાં સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં રચેલા છે તેનો આ ગ્રંથમાં સંગ્રહ છે. વિવિધ જાતના સાહિત્યની દૃષ્ટિએ તેની રચના થયેલ છે. આ સંગ્રહ પ્રગટ થવાથી જૈન કાવ્ય સાહિત્યમાં એક સારો ઉમેરો સંપાદક મહાત્માએ કરી જૈન સમાજ ઉપર ઉપકાર અને જૈન સાહિત્યસેવા કરેલી છે આ કાવ્યોની વિશેષ પ્રતિભા માટે તેવા વિદ્વાન પુરૂષો જ વિશેષ અભિપ્રાય આપી શકે. વળી ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ જાણવાનું તો સંપાદક મુનિશ્રીએ આ ગ્રંથમાં આપેલ પ્રસ્તાવના વાંચવાથી મળી શકે તેમ છે. પ્રકાશક શ્રીયુત સારાભાઇ મણિલાલ નવાબ—અમદાવાદ-નાગર ભૂદરની પોળ. કીંમત પાંચ રૂપૈયા.

## સુધારો—

અંક ૫ મો. માગશર પા. ૧૧૭ ની વર્તમાન સમાચારની છેલ્લી લાઇનમાં પંન્યાસજીશ્રી સંપત્તવિજયજી સાહેબશ્રીની શિષ્યા તરીકેને બદલે શ્રી માણેકશ્રીજીની શિષ્યા એમ સમજવું.

For Private And Personal Use Only

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી ફકત નીચેનાજ સીલીકમાં છે.

**આ સભા તરફથી અત્યારસુધી કુલ ગ્રંથો વિવિધ સાહિત્યના પ્રસિદ્ધ થયાં છે, તેમાંથી સીલીક રહેલા મળતાં પુસ્તકો નીચે પ્રમાણે એ પાનામાં છે.**

### * ( સંસ્કૃત માગધી અને મૂળ ટીકાના ગ્રંથો )

૨૩ સૂકત રત્નાવલી ... ... ૦-૪-૦

૨૪ મેઘદૂત સમસ્યા લેખ ... ૦-૪-૦

૨૫ ચેતોદૂત ... ... ... ૦-૪-૦

૫૧ સુકૃત સંકીર્તનમ્ ... ... ૦-૮-૦

૫૬ કરૂણા વજ્રાયુધં નાટક ... ૦-૪-૦

૫૯ કૌમુદી મિત્રાનંદમ્ ... ... ૦-૬-૦

૬૦ પ્રબુદ્ધ રોહીણેયમ્ ... ... ૦-૫-૦

૬૧ ધર્માભ્યુધ્યમ ... ... ૦-૪-૦

૬૪ સિદ્ધપ્રાભૃતં સટીકમ્ ... ૦-૫-૦

૬૬ બંધહેતૂદય ત્રિભંગી પ્રકરણમ્... ૦-૧૦-૦

૬૭ ધર્મ પરીક્ષા ... ... ૧-૦-૦

૬૯ ચેઇયવંદણ મહાભાસં ... ૧-૧૨-૦

૭૦ પ્રશ્નપદ્ધતિ ... ૦-૨-૦

૭૨ યોગદર્શન તથા યોગવિંશિકા... ૧-૮-૦

૭૩ મંડલ પ્રકરણ ... ... ૦-૪-૦

૭૪ દેવેંન્દ્ર નરકેન્દ્ર પ્રકરણમ્ ... ૦-૧૨-૦

૭૫ ચન્દ્રવીરશુભા-ધનધર્મ સિદ્ધદત્ત કપિલ-સુમુખ નૃપાદિ મિત્ર ચતુષ્ક કથા ચતુષ્ટયમ્ ... ... ૦-૧૧-૦

૭૬ જૈન મેઘદૂતમ્ ... ... ૨-૦-૦

૭૭ શ્રાવક ધર્મ વિધિપ્રકરણમ્ ... ૦-૮-૦

૭૮ ગુરૂતત્વ વિનિશ્ચય ... ૪-૦-૦

૭૯ ઐંદ્ર સ્તુતિ ચતુર્વિંશતિકા ... ૦-૪-૦

૮૦ વસુદેવહિંડી પ્રથમ ખંડ ... ૩-૮-૦

૮૧ વસુદેવહિંડી પ્રથમ ખંડ દ્વિતીય અંશ ... ... ૩-૮-૦

વસુદેવહિંડિ દ્વિતીય ખંડ છપાય છે.

શ્રીબૃહત્કલ્પ સૂત્રમ્ પ્રથમ ખંડ. ,,

શ્રી બૃહત્કલ્પ સૂત્રમ્ દ્વિતીય ખંડ, ,,

કર્મગ્રન્થ. ,,

**( પ્રવર્તક શ્રી કાંતિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથો. )**

૫ દ્રૌપદીસ્વયંવરમ્ ... ... ૦-૪-૦

૬ પ્રાચીન જૈનલેખ સંગ્રહ ભાગબીજો ૩-૮-૦

૭ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય ... ... ૨-૧૨-૦

### ( અન્ય ગ્રંથો )

અનુત્તરોવવાઇ સૂત્ર. ... ૦-૬-૦

નયોપદેશ ... ... ૧-૦-૦

ગાંગેયભંગ પ્રકરણમ્ ... ૦-૪-૦

### ( ગુજરાતી. )

તત્વનિર્ણયપ્રાસાદ ... ... ૧૦-૦-૦

આત્મવલ્લભ પૂજા સંગ્રહ ... ૧-૮-૦

પંચ પ્રતિક્રમણ મૂળ ... ૦-૮-૦

પંચ પ્રાતક્રમણ વિધિયુકત ... ૦-૧૦-૦

દેવસીરાઇ પ્રતિક્રમણ મૂળ ... ૦-૩-૦

(પાઠશાળા માટે સો નકલના ). ૧૨-૮-૦

દેવવંદન માળા .. ... ૧-૦-૦

પૂજા સંગ્રહ ભાગ ૧ થી ૪ ... ૨-૦-૦

જૈન ગીતા ... ... ૧-૦-૦

નવપદ ઓળી વિધિ ... ૦-૧૨-૦

શ્રીપાળ રાજાનો રાસ ... ૩-૦-૦

સતર ભેદી પૂજા હારમોનીયમ.. નોટેસન સારીગમ સાથે ... ૦-૪-૦

પ્રમેયરત્નકોષ ... ... ૦-૮-૦

સજ્જન સન્મિત્ર ... ૪-૦-૦

નવતત્વ અને ઉપદેશ બાવની ( પ્રો. હીરાલાલ રસિકલાલ ) ૪-૦-૦

જૈનભાનુ ... ... ૦-૮-૦

વિમળ વિનોદ ... ... ૦-૧૦-૦

વિશેષ નિર્ણય ... ... ૦-૪-૦

ચૌદ રાજલોક પૂજા ... ૦-૧-૦

સો નકલના ... ... ૫-૦-૦

સમ્યક્ત્વ દર્શન પૂજા સો નકલના ૫-૦-૦

અવિદ્યા અંધકારમાર્તંડ ... ૦-૪-૦

શ્રી નવપદ પૂજા ગંભીર વિ. કૃત ૦-૨-૦

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

* નંબરવાળા ગ્રંથો સભાએ પ્રકટ કરેલ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *ગુજરાતી—ભાષાંતરના ગ્રંથો.

## મળી શકતાં ગ્રંથોનું લીસ્ટ. )

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈનતત્ત્વાદર્શ ... | ... ૫–૦–૦ |
| ૨ | શ્રી નવ તત્ત્વનો સુંદર બોધ ... | ૦–૧૦–૦ |
| ૪ | શ્રી જીવવિચાર વૃત્તિ | ... ૦–૬–૦ |
| ૮ | શ્રી દંડક વૃત્તિ ... | ... ૦–૮–૦ |
| ૯ | શ્રી નયમાર્ગદર્શક | ... ૦–૧૦–૦ |
| ૧૦ | હંસ વિનોદ ... | ... ૦–૧૨–૦ |
| ૧૨ | કુમાર વિહારશતક | ... ૧–૮–૦ |
| ૧૩ | શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦–૮–૦ |
| ૧૪ | શ્રી જૈન તત્ત્વસાર મૂળ તથા ભાષાંતર ... ... | ... ૦–૬–૦ |
| ૧૬ | શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી ... | ... ૦–૬–૦ |
| ૧૭ | શ્રી મોક્ષપદ સોપાન | ... ૦–૧૨–૦ |
| ૧૮ | ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ... ૨–૦–૦ |
| ૧૯ | શ્રી પ્રશ્નોતર પુષ્પમાળા | ... ૦–૧૪–૦ |
| ૨૧ | શ્રી શ્રાવક કલ્પતરૂ ... | ... ૦–૬–૦ |
| ૨૨ | શ્રી આત્મપ્રબોધ | ... ૨–૮–૦ |
| ૨૬ | જૈન ગ્રંથ ગાઇડ ... | ... ૧–૦–૦ |
| ૨૭ | શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) ... | ... ૦–૮–૦ |
| ૨૮ | શ્રી તપોરત્ન મહોદધિ ભા ૧–૨ | ૧–૦–૦ |
| ૨૯ | શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ | ... ૦–૪–૦ |
| ૩૧ | શ્રી ચંપકમાળા ચરિત્ર | ... ૦–૮–૦ |
| ૩૩ | સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ... ૧–૦–૦ |
| ૩૪ | શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) ... | ... ૦–૮–૦ |
| ૩૬ | શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ... ૦–૪–૦ |
| ૩૭ | શ્રી ગુરૂ ગુણમાળા | ... ૦–૬–૦ |
| ૩૮ | શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી... | ૦–૫–૦ |
| ૪૦ | શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ... ૦–૮–૦ |
| ૪૨ | શ્રી ઉપદેશ સપ્તતિકા | ... ૧–૦–૦ |
| ૪૪ | શ્રી પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા | ૧–૮–૦ |
| ૪૫ | સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા ... ... | ... ૧–૦–૦ |
| ૪૬ | શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર ... | ૨–૦–૦ |
| ૪૭ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧લો | ૨–૦–૦ |
| ૪૮ | આદર્શ જૈન સ્ત્રી રત્નો | ... ૧–૦–૦ |
| ૪૯ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાર જો. | ૨–૮–૦ |
| ૫૦ | શ્રીદાનપ્રદીપ ... | ... ૩–૦–૦ |
| ૫૧ | શ્રીનવપદજી પૂજા (અર્થ સહીત) | ૧–૪–૦ |
| ૫૨ | કાવ્ય સુધાકર ... | ... ૨–૮–૦ |
| ૫૩ | શ્રી આચારોપદેશ ... | ... ૦–૮–૦ |
| ૫૪ | ધર્મરત્ન પ્રકરણ ... | ... ૧–૦–૦ |
| ૫૫ | શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર (અર્થ સહિત ) શાસ્ત્રી ... | ... ૧–૧૨–૦ |
| ૫૬ | શ્રી આત્મવિશુદ્ધિ ... | ... ૦–૬–૦ |
| ૫૭ | કુમારપાળ પ્રતિબોધ | ... ૩–૧૨–૦ |
| ૫૮ | જૈન નરરત્ન " ભામાશાહ "... | ૨–૦–૦ |
| ૫૯ | આત્માનન્દ સભાની લાઇબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ ... | ... ૦–૧૪–૦ |
| ૬૦ | શ્રી વિમલનાથ ચરિત્ર | ... ૧–૧૧–૦ |
| ૬૧ | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ... ૧–૧૨–૦ |
| ૬૨ | શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ... ૧–૦–૦ |
| ૬૩ | ધર્મ પરીક્ષા ... | ... ૧–૦–૦ |
| ૬૪ | શ્રી પ્રભાવક ચરિત્ર | ... ૧–૮–૦ |
| | શ્રી મહાવીરસ્વામી ચરિત્ર | છપાય છે. |
| | સતી સુરસુંદરી ચરિત્ર | |
| | શ્રી પંચપ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત ( ગુજરાતી ) | " |
| | શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત ( ગુજરાતી ) | " |

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

* બીજા નવા ગ્રંથો પ્રેસમાં છે અને અમુક ગ્રંથોની યોજના શરૂ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાઇફ મેમ્બર.

## —આ સભાનાં લાઇફમેમ્બર સાહેબોને થતો અપૂર્વ ગ્રંથોનો લાભ—

કોઇપણ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઇ શકે છે.

એક સાથે રૂા ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઇ શકે છે. તેઓશ્રીને સીલીકમાં હોય તે ધારા પ્રમાણે આગલા તથા તે પછી છપાતા કોઇપણ ગ્રંથ અને માસિક ભેટ આપવામાં આવે છે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઈ શકે છે.

એક સાથે રૂા ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકે છે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બરોના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે. ઉપરાંતની કિંમત લઇ ભેટ મળી શકે છે, તેમજ આત્માનંદ પ્રકાશ માસિક પણ તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવે છે.

---

# શ્રી ઉપયોગી વાંચનમાળાની યોજના.

## અમારૂં સીરીઝ ગ્રંથમાળા ખાતું.

એક હજાર કે તેથી વિશેષ રકમ આપનાર જૈન બંધુઓ કે બ્હેનોના નામે ઉત્તરોત્તર અનેક ગ્રંથો પ્રકટ કરી જ્ઞાનોદ્ધાર યાને જ્ઞાનભક્તિનું કાર્ય, સભા, ( સાથે તે રકમ આપનાર પણ અનેક બંધુઓ તેનો લાભ લઇ ) કરી રહેલ છે. સાથે અનેક સાહિત્યના ગ્રંથો પણ સભા પ્રગટ કરી રહેલ છે. આ સભાના લાઇફ મેમ્બરોને પણ અનેક સુંદર મ્હોટા ગ્રંથોનો ( કંઇપણ બદલો લીધા વગર ) લાભ મળી રહેલ છે. તે રીતે કોઇપણ સંસ્થા કરી શકેલ નથી જે સાહિત્યરસિક સર્વ બંધુઓ જાણે છે.

અત્યારસુધી અનેક જૈન બંધુઓ તેવી રકમ સભાને સુપ્રત કરી પોતાના નામથી ગ્રંથમાલા પ્રકટ કરાવી જ્ઞાનભક્તિ કરી રહેલ છે, તેનું શુભ અનુકરણ કરી હાલમાં શ્રીમતી કસ્તુર બ્હેને પણ એક રકમ તે માટે ( સ્ત્રી ઉપયોગી સીરીઝ પ્રગટ કરવા ) આ સભાને સુપ્રત કરેલ છે; તેમાંથી ઉત્તરોત્તર સ્ત્રી ઉપયોગી (સતી ચરિત્રો, સ્ત્રી ઉપયોગી વિષયોના ) ગ્રંથો પ્રકટ કરવાનું આ સભાએ શરૂ કરેલ છે. તેવી રીતે અન્ય બ્હેનોએ પણ, જ્ઞાનભક્તિ અને ઉદ્ધાર કરી લાભ લેવાનો છે. સીરીઝના ધારાધોરણ બીજા પેજ ઉપર છે. આ લાભ દરેક જૈનબંધુઓ અને બ્હેનોએ લેવા જેવો છે.

સ્વર્ગવાસી આપ્તજનોના સ્મરણાર્થે ને ભક્તિ સાથે જ્ઞાનની સેવા કરવાનું ને સ્મરણ સાચવવાનું આ અમૂલ્ય સાધન છે-અમરનામ કરવાનું પણ સાધન છે.

કોઇ પણ સ્થળે પૂરતી ખાત્રી કર્યા સિવાય લખાણ કે બીજાથી લલચાઇને રકમ આપતાં પહેલાં અવશ્ય વિચારવાનું છે. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તમારૂં નામ અમર કરવું હોય તો

## આટલું વાંચી નિર્ણય કરી લ્યો.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે; જેથી મનુષ્યો જ્ઞાન અને બુદ્ધિવડે પોતાના માટે આત્મકલ્યાણનો માર્ગ શોધી કાઢે છે; જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય, જૈન સાહિત્ય સેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો તે આત્મિક ઉન્નતિ માટે નીચેની યોજના વાંચી-વિચારી આજે જ આપ નિર્ણય કરો અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી અમૂલ્ય લાભ મેળવો.

## યોજના.

૧ જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂા ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂા. ૧૦૦૦) સુધીનો આ સભાએ વ્યય કરવો.

૩ જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ-સાધ્વી મહારાજ વગેરેને અમુક સંખ્યામાં ગ્રંથો સીરીઝના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે 'સીરીઝવાલાની વતી સભા મારફત ભેટ' મોકલવામાં આવશે.

૪ તે સીરીઝની છપાતી દરેક બુકની પચીશ કોપી જે ગૃહસ્થના તરફથી આ ગ્રંથમાળા છપાય તેમને ભેટ આપવામાં આવશે.

૫ તે સીરીઝના પ્રથમ ઓછામાં ઓછા અડધા ગ્રંથો ખપી ગયા હોય તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ ( સીરીઝનો ) સભાએ છપાવવો શરૂ કરવો. એ જ ક્રમ સાચવી સીરીઝના બીજા ગ્રંથો સભાએ નિરંતર છપાવવા.

૬. ગ્રંથમાળાના પ્રથમના એક જ ગ્રંથમાં સીરીઝવાળા ગૃહસ્થનું ટુંકું જીવનચરિત્ર, ફોટોગ્રાફ અને અર્પણપત્રિકા તેમની ઇચ્છાનુસાર આપવામાં આવશે.

નીચે પ્રમાણેના મહાશયોની ઉદારતાથી તેમના નામથી ગ્રંથમાળાઓ પ્રકટ થઇ ચૂકી છે અને થશે.

૧ શેઠ આણંદજી પુરૂષોત્તમદાસ.
૨ વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ.
૩ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ.
૪ શ્રીમાન્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજ.
૫ વકીલ હરીચંદ નથુભાઇ.
૬ શ્રી આત્મવલ્લભ ગ્રંથમાળા.
૭ શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ-રાણપુર.
૮ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ.
૯ શાહ મગનલાલ ઓધવજી.
૧૦ શેઠ અમરચંદ હરજીવનદાસ.
૧૧ શેઠ દીપચંદ ગાંડાભાઇ.
૧૨ શેઠ ફૂલચંદ ત્રીકમજી.
૧૩ શ્રીમતી કસ્તુરબ્હેન.

ઉપરના મહાશયોએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. આપ પણ વિચારીને તે રસ્તે ચાલવા પ્રયત્નશીલ થઇ સાહિત્યના ક્ષેત્રમાં આપનું નામ અમર કરશો તેમ ઇચ્છીએ છીએ.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીપાળમહારાજનો રાસ.

શ્રી નવપદજી મહારાજનો મહિમા અપૂર્વ છે, જે કોઇ પણ જૈન તે માટે અજાણુ નથી. ચૈત્ર માસ અને આસો માસમાં આવતા ઓળી–આયંબીલ તપ કરી શ્રી નવપદજીમહારાજની આરાધના કરાય છે. એ અઠ્ઠાઇના દિવસોમાં શ્રી નવપદજી મહારાજનું અપૂર્વ મહાત્મ્ય જેમાં આવેલ છે તેવા શ્રીપાળ મહારાજનું અદ્દ્ભુત ચરિત્ર તેનો રાસ જે વંચાય છે, તે મૂળ તથા તેનું સરલ ગુજરાતી ભાષાંતર સર્વ કોઇ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પાના ૪૬૦ પાકું કપડાનું બાઇડીંગ સુંદર ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ છે, ચૈત્ર શુદ ૧૫ પૂર્ણીમા સુધીમાં લેનારને બે રૂપીઆ ( પોસ્ટેજ જુદું ) ની કિંમતે આપવામાં આવશે.

## શ્રી નવપદજીની પૂજા. ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત. )

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજકૃત નવપદજીની પૂજા અમોએ** તેના **ભાવાર્થ, વિશેષાર્થ** અને નોટ સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું મંડલ** તે તે પદોના વર્ણ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેના સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી મહારાજકૃત નવપદજી પૂજાઓ** દાખલ કરેલ છે. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. આ ગ્રંથનું નામ જ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગીતા અને આરાધના માટે તો કહેવુંજ શું ? **શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે.** અને તેમાં **ગુરૂમહારાજની છબી, નવપદજી મહારાજનું મંડલ ને યંત્ર આ બુકમાં** દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનારને તેની અપૂર્વ રચના જણાયા સિવાય રહે તેવું નથી. આ માટે વધારે લખવા કરતાં તેનો ઉપયોગ કરવા નમ્ર સુચના કરીયે છીએ. **કિંમત રૂા ૧–૪–૦ પોસ્ટેજ જુદું.**

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૯. માહ. આત્મ સં. ૩૭. અંક ૭ મો.

## સાચું સ્વદેશી.

" પરદેશી માલ ખરીદવાથી દેશનું નાણું જેમ પરદેશોમાં ચાલ્યું જાય છે, એમજ મીલનું કાપડ લેવાથી ગરીબોનો પૈસો એક કરોડપતિના બંગલા, મોટર અને મિજલસોમાં ચાલ્યો જાય છે; જ્યારે શુદ્ધ ખાદી ખરીદવામાં ખર્ચાતો પૈસો સીધે સીધો ખેડુત, કાંતનારી બાઇ, ગરીબ પીંજારા અને ભૂખે મરતા વણકરોને પેટનો ખાડો પૂરવા માટેની જુવાર ખરીદવામાં કામ લાગે છે. આ સત્ય જેને સમજાય તે **ખાદી** પહેરે અને સ્વદેશી પ્રચારકો લાખોપતિના ઘર ભરવામાં નહિ પણ ગામડાંના ગરીબ ખેડુતોને અને કારીગરોને રોટલાનો ટુકડો મેળવી આપવાના પુણ્ય કાર્યમાં પોતાની બુદ્ધિ અને શક્તિ ખપાવે ".

એક ' લોક સેવક 'ની નિત્ય નોંધમાંથી.

For Private And Personal Use Only